




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Isuue- 67 | AD-2021, Magsar Sud -7 Friday, Dt. 10-12-2021 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-10 Price : Rs.3-00


# ખેડૂત આંદોલનનો અંત : દિલ્હીની સરહદો થશે ખાલી

## દિલ્હીની સરહદો પર ધરણા કરી રહેલા ખેડૂતો ૧૧ ડિસેમ્બરે પરત જશે



નવીદિલ્હી,તા.૯

એક વર્ષ કરતા પણ વધુ સમયથી ચાલી રહેલું ખેડૂત આંદોલન હવે ખતમ થઈ ગયું છે. કૃષિ કાયદાની વાપસી બાદ ખેડૂતોની બાકી માગણીઓ ઉપર પણ સરકાર તરફથી પાક્કી ખાતરી મળ્યા બાદ ખેડૂત આંદોલન પૂર્ણ થયું છે. સંયુક્ત કિસાન મોરચાએ આ અંગે જાહેરાત કરી છે. આ અગાઉ પહેલા મોરચાએ લાંબી બેઠક કરી ત્યારબાદ ઘર વાપસીનો નિર્ણય લેવાયો. તેમણે કહ્યું કે ૧૫ જાન્યુઆરીના રોજ કિસાન મોરચાની ફરી બેઠક થશે. જેમાં આગળની રણનીતિની ચર્ચા થશે. ખેડૂતોની વાપસીની જાહેરાત બાદ ૧૧ ડિસેમ્બરથી દિલ્હી બોર્ડરથી ખેડૂતો હટશે.

એમએસપી પર કમિટી બનાવવા અને આંદોલન દરમિયાન ખેડૂતો પર નોંધાયેલા કેસ પાછા ખેંચવાને લઈને કેન્દ્ર સરકાર તરફથી લેખિત આશ્વાસન મળ્યા બાદ ખેડૂતોમાં આંદોલન ખતમ કરવા પર સહમતી બની. આંદોલન દરમિયાન માર્યા ગયેલા ખેડૂતોના પરિવારોને વળતર આપવાના મુદ્દે યુપી અને હરિયાણાની સરકારોએ સૈદ્ધાંતિક સહમતી આપી દીધી છે.

કેન્દ્ર તરફથી મોકલવામાં આવેલા પ્રસ્તાવ પર ગુરુવારે સિંધુ બોર્ડર પર સંયુક્ત કિસાન મોરચાની બેઠક થઈ. બેઠકમાં એ વાત પર સહમતી બની ગઈ કે આંદોલન ખતમ કરવામાં આવશે.

સંયુક્ત કિસાન મોરચાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ખેડૂતોએ એક વર્ષ સુધી સંઘર્ષ કર્યો. અમે મોટી જીત લઈને જઈ રહ્યા છીએ.


મતદાનની સ્લીપ મળશે

ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આકર્ષક

મતદાર સ્લીપ

જિલ્લાના તમામ ગામના ઉમેદવારો છપાવવા માટે મળો.

સ્થળ : સંઘવી ધર્મશાળા પાસે, સ્ટેશનરોડ, માધવ મેડીસીન નીચે, અમરેલી.

મો.૯૪૨૬૪ ૨૧૭૯૦, ૭૯૯૦૦ ૯૫૮૭૭







# સીડીએસ જનરલ રાવતના આજે પૂરા સમ્માન સાથે અંતિમ સંસ્કાર



નવીદિલ્હી,તા.૯

તમિલનાડુના કુન્નૂર પાસે બુધવારે સીડીએસ બિપિન રાવતનું હેલિકૉપ્ટર ક્રેશ થઈ ગયું જેમાં તેમના પત્ની સહિત ૧૧ અધિકારીઓના નિધન થઈ ગયા. આ દૂર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે ત્યારે ગુરુવારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં દૂર્ઘટનાને લઈને પોતાનું નિવેદન આપ્યું. સંસદમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે સીડીએસ જનરલ બિપિન રાવતના અંતિમ સંસ્કાર પૂરા સૈન્ય સમ્માન સાથે કરવામાં આવશે. આ સાથે તેમણે હેલિકૉપ્ટર દૂર્ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. લોકસભાએ જનરલ બિપિન રાવત, તેમની પત્ની અને અન્ય અધિકારીઓના મૃત્યુ પર શોક વ્યક્ત કરતા બે મિનિટનું મૌન પાળ્યું હતું.






















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૦-૧૨-૨૦૨૧

**ભારતીય ચલણનો અસ્વીકાર કરવો એ ગુનો બને છે પરંતુ કાયદાનો ઉલાળિયો!!**

# અમરેલી જિલ્લામાં રૂ. ૧૦ના સિક્કા સ્વીકારવા કોઈ તૈયાર નથી





**મયુર પંડયા**
અમરેલી,તા.૯

ભારતીય રિઝર્વ બેન્કે નાણાકિય વહીવટમાં સરળતા રહે તે માટે વર્ષોથી રૂા.૧૦ના સિકકા બહાર પાડયા છે પરંતુ અમરેલી સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં રૂા.૧૦ના સિકકા સ્વીકારવા કોઈ તૈયાર નથી. ગ્રાહકો પાસેથી વેપારીઓ રૂા.૧૦ના સિક્કા લેતા નથી તો વેપારીઓ પાસેથી અમુક બેન્ક લેતી નથી. જેથી અમરેલી જિલ્લામાં રૂા.૧૦ના સિકકાનો શા માટે નાણાકિય લેવડ-દેવડમાં ઉપયોગ કરવામાં આવતો નથી તે સવાલ દરેક લોકોના મનમાં ઉદ્ભવી રહ્યો છે. અમુક વેપારીઓ અને ગ્રાહકો તો રૂા.પાંચની નોટ પણ સ્વીકારતા નથી ત્યારે ભારતીય ચલણનો અસ્વીકાર કરવાવાળા પર શા માટે કાર્યવાહી કરવામાં આવતી નથી? અમરેલી શહેર અને જિલ્લામાં આજે પણ લોકો કે વેપારીઓ રૂા.૧૦ના સિક્કા સ્વીકારતા નથી. રૂા.૧૦ના સિક્કા નહી સ્વીકારવા પાછળ કોઈ કારણ પણ જાણવા મળ્યું નથી. રિઝર્વ બેન્ક દ્વારા જ આ ચલણ બહાર પાડવામાં આવ્યુ છે પરંતુ આ ચલણ સ્વીકારવાનો ઈન્કાર કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી પણ થઈ શકે છે. રૂા.૧૦ના સિકકા લોકો અને વેપારીઓની સાથે બેન્ક પણ સ્વીકારતી ન હોવાથી આવા બેન્કના સત્તાધીશો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી જોરશોરથી માંગણી ઉઠવા પામી છે. અમરેલી જિલ્લામાં કોઈપણ ગ્રાહક દુકાને જાય અને માલની ખરીદી કરે અને ગ્રાહક માલના બદલામાં રૂા.૧૦નો સિક્કો આપે તો વેપારી રૂ.૧૦નો સિક્કો લેવાની સ્પષ્ટ ના પાડી દે છે અને જો વેપારી વધતા પૈસા પાછા આપે અને તેમાં રૂ.૧૦નો સિક્કો હોય તો ગ્રાહક રૂ.૧૦નો સિક્કો લેવાની ના પાડી દે છે. રિઝર્વ બેન્ક દ્વારા રૂ.૧૦નો સિક્કો ઘણા વર્ષોથી ચલણમાં લેવામાં આવ્યો છે. પરંતુ અમરેલી જિલ્લા સહિત અનેક જિલ્લાઓમાં રૂ.૧૦ના સિક્કાની ચલણમાં માન્યતા જ મળેલી ન હોય તેવું લાગી રહ્યુ છે.

### રૂ.૫-ની નોટ પણ ધીમે ધીમે ગાયબ

રાષ્ટ્રીય ચલણમાં ઉલટી ગંગા જોવા મળી રહી છે. જેમાં રૂ.૧૦નો સિક્કો કોઈ લેતુ નથી મતલબ કે રૂા.૧૦ની નોટ લેવામાં ગ્રાહક અને વેપારી આગ્રહ રાખે છે તો રૂા.પાંચની નોટ લેવામાં ધીમે-ધીમે ગ્રાહકો અને વેપારીઓ ઈન્કાર કરી રહ્યાં છે જેમાં રૂા.પાંચની નોટના બદલે રૂ.પાંચના સિક્કાનું ચલણ લેવડ-દેવડમાં વધુ ઉપયોગ થાય છે. આમ, રૂા.૧૦નો સિક્કો અને રૂા.પાંચની નોટ ધીમે-ધીમે ગાયબ થઈ રહી છે.

### અફવાને કારણે રૂ.૧૦નો સિક્કા કોઈ લેતું નથી

છેલ્લાં ઘણા વર્ષોથી એવી અફવા માત્ર ગુજરાતમાં જ ફેલાયેલી છે કે રૂ.૧૦નો સિક્કો બંધ થઈ ગયો હોવાથી તેનો ઉપયોગ થતો નથી પરંતુ આ માત્ર અફવા છે. દેશના અન્ય રાજયોમાં રૂ.૧૦નો સિક્કો બેરોકટોક ચાલી રહ્યો છે અને બહુ સહેલાઈથી ગ્રાહકો અને વેપારીઓની સાથે બેન્ક પણ નાણાકિય લેવડ-દેવડમાં રૂ.૧૦ના સિક્કાનો ઉપયોગ કરી રહ્યા છે.

**અમુક બેન્કો રૂા.૧૦નો સ્વીકાર કરતી ન હોવાથી આવી બેન્કો સામે કડક કાર્યવાહી કરવાની માંગ**



### રૂ.૧૦ના સિક્કા માટે જાગૃતતાની જરૂર

અમરેલી જિલ્લામાં જે રીતે સરકારી યોજનાઓ માટે જાગૃત કરવામાં આવે છે તેવી જ રીતે રૂ.૧૦ના સિક્કા અંગે લોકોમાં રહેલી ગેરસમજ દૂર કરવા માટે જાગૃતિ અભિયાન શરૂ કરવાની તાતી જરૂરીયાત છે. લોકોમાં જાગૃતતાનો અભાવ હોવાથી રૂા.૧૦ના સિક્કા બજારમાં ચાલતા નથી. જો આ ચલણ અંગે લોકોમાં જાગૃતતા નહી આવે તો માત્ર અફવાને કારણે અન્ય ચલણ પણ સ્વીકારવાનું બંધ થઈ જશે.



### ભારતીય ચલણનો અસ્વીકાર કરવો ગુનો

જાણવા મળતી માહિતી મુજબ રૂ.૧૦ના સિક્કાનો અસ્વીકાર કરવો એ ગુનો બને છે. પરંતુ આમ છતાં કાયદાનો ઉલાળિયો કરીને લોકો અને વેપારીઓ રૂ.૧૦ના સિક્કા સ્વીકારતા નથી. દેશના નાગરિકો જ ભારતીય ચલણનો અસ્વીકાર કરતા હોય ત્યારે આગામી સમયમાં પરિસ્થિતિ કેવી ઉભી થશે તે એક સવાલ છે.

### બેન્કો પોતાના સ્વાર્થ માટે રૂ.૧૦ના સિક્કા સ્વીકારતી નથી

અમરેલી જિલ્લામાં રૂ.૧૦ના સિક્કા વેપારીઓ સ્વીકારતા નથી તો વેપારીઓ પાસેથી અમુક બેન્કો પણ સ્વીકારતી નથી. આ અંગે જાણવા મળતી માહિતી મુજબ રૂ.૧૦ના સિક્કા બેન્કમાં જમા કરાવતી વખતે બેન્ક કર્મચારીઓને ગણવામાં તકલીફ પડે છે જયારે નોટો મશીનમાં ફટાફટ ગણાઈ જાય છે. આમ, બેન્ક કર્મચારીઓ પોતાના સ્વાર્થ માટે રૂ.૧૦ના સિક્કા સ્વીકારતા ન હોવાનું ખાનગી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

### રૂ.૧૦ના સિક્કા બાબતે અમરેલી જિલ્લાની વેપારી સંસ્થાઓ આગળ આવે

રૂ.૧૦ના સિક્કા છેલ્લાં ઘણા વર્ષોથી અમરેલી જિલ્લામાં ચલણ તરીકે ઉપયોગમાં લેવાતા નથી. ગ્રાહકો અને વેપારીઓ રૂ.૧૦ના સિક્કાની લેવડ-દેવડ જ કરતા નથી. રૂ.૧૦ના સિક્કા માટે અમરેલી જિલ્લાની વેપારી સંસ્થાઓ આગળ આવે અને બેન્કના સત્તાધીશો સાથે પણ ચર્ચા-વિચારણા કરી રૂ.૧૦ના સિક્કા બેન્કો બેરોકટોક સ્વીકારે તેવી કામગીરી કરવાની જરૂર છે.

### અન્ય રાજયોમાં રૂ.૧૦ના સિક્કા વાપરી નાખવા પડે છે



અમરેલીમાં રહેતા જગદીશભાઈ ઝીંઝુવાડીયા જણાવે છે કે ગુજરાતના અનેક જિલ્લામાં રૂ.૧૦ના સિક્કાનો ઉપયોગ થતો નથી. થોડા મહિના પહેલા મુંબઈ ગયો હતો ત્યાં રૂ.૧૦ના સિક્કાનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી મારી પાસે ૧૪ જેટલા રૂ.૧૦ના સિક્કા ભેગા થયા હતા પરંતુ અમરેલી જિલ્લામાં રૂ.૧૦ના સિક્કા કોઈ લેતું ન હોવાથી રૂ.૧૦ના સિક્કા મુંબઈમાં જ વાપરી નાખવા પડયા હતા.

# બગસરામાં હોમગાર્ડ્ઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૧ની ઉજવણી

બગસરા,તા. ૯



તસ્વીર : વી.કે. સાંગાણી

બગસરા હોમગાર્ડ યુનિટ ખાતે હોમગાર્ડ્ઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૧ની ઉજવણી કરવામાં આવી હતી. ઉપરાંત ડો. બી.આર. આંબેડકર મહા પરિનિર્વાણ દિન નિમિત્તે ડો. આંબેડકર સાહેબના ફોટા પર ફૂલહાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે બગસરા હોમગાર્ડ કચેરીના કમાન્ડર એસ.એમ. પાઘડાળ સહિત જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રિભકોના અધ્યક્ષને અભિનંદન પાઠવતા મનીષ સંઘાણી



અમરેલી, તા. ૯

ક્રિભકોના અધ્યક્ષ ડો. ચંદ્રપાલસિંહ યાદવને એશિયા પેસિફિક રિજનલ બોર્ડના પ્રમુખ તરીકે ચૂંટાવા બદલ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષભાઈ સંઘાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલા શહેર, તાલુકાની કારોબારી બેઠક યોજાઇ

રાજુલા, તા. ૯




રાજુલા ખાતે શહેર અને તાલુકાની કારોબારી બેઠકમાં દેશના પ્રથમ સીડીએસ બિપીન રાવત સહિતના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ બેઠકમાં પૂર્વ સંસદીય સચિવ હીરાભાઇ સોલંકી હાજર રહ્યા હતા. કારોબારી બેઠકમાં ભાજપના નવા વરાયેલા હોદ્દેદારોનું સન્માન કરાયું હતું. રાજુલા તાલુકામાં સંગઠનને વધુમાં વધુ મજબુત કરવા માટે આગેવાનોએ બેઠકમાં ચર્ચા કરી હતી. કારોબારી બેઠકમાં પીઠાભાઇ નકુમ, રવુભાઇ ખુમાણ, હરસુરભાઇ લાખણોત્રા, મુકેશભાઇ ગુજરીયા, ઘનશ્યામભાઇ સાવલીયા, પરેશભાઇ લાડુમોર, વલકુભાઇ બોસ સહિત કાર્યકર્તાઓ, આગેવાનો, યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥



જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300

જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ.
નાના નાના સોપાન, સર કરે આસમાન
ટપક પધ્ધતી, મીની ફુવારા, ફુવારા પાઈપ
સરકારશ્રીની ૭૦ % થી ૮૫ % સુધીની
સબસીડીમાં ઉપલબ્ધ*
કેળાના જૈન ટિસ્યુ રોપા
ઓર્ડર ઉપર મંગાવિ આપીશુ.



જુના અને જાણીતા 30 વર્ષના અનુભવી ડિલર
પૂજા ઈરીગેશન - અમરેલી
માણેકપરા, ભગવતીચોક, સુદર્શન હોસ્પિટલની બાજુમાં,
સંપર્ક સુત્ર : ખોડાભાઈ બોરડ, મો. ૯૪૨૭૨ ૬૩૯૮૪, કંપની સંપર્ક સુત્ર - મો. ૯૫૧૦૨ ૦૩૩૯૪

### અમરેલીમાં ઓમિક્રોનના ખતરાને જોતાં

# લોકડાઉન જેવા જ કડક અમલ સાથે માસ્કબંધન ફરજિયાત

## પાણી પહેલા પાળ : જિલ્લા તંત્રએ આગોતરી તૈયારીઓ શરૂ કરી

અમરેલી, તા.૯

સૌરાષ્ટ્રમાં ઓમિક્રોનની એન્ટ્રી થઈ ગઈ છે. કોરોનાનો આ વેરિએન્ટ ખૂબ ઝડપથી ફેલાતો હોવાથી સતર્ક બનીને અમરેલીમાં તંત્ર દ્વારા આગોતરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. અમરેલી જિલ્લા તંત્ર દ્વારા ૧૩૦૦ બેડ, ડોક્ટરોની ટીમ તૈનાત કરાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં પાછલા થોડા દિવસોથી માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું કડક પાલન કરાવવામાં આવી રહ્યું છે.

અમરેલી જિલ્લામાં હાલ કોરોના ટેસ્ટિંગ પણ વધારવામાં આવ્યું છે. જોકે રાહતની વાત એ છે કે હજુ સુધી એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. આ ઉપરાંત બહારથી આવતાં લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને તેમની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. હાલ લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે અમરેલી જિલ્લાના વિદેશમાં વસતાં ઘણા લોકો માદરે વતનમાં આવ્યા છે. તંત્ર દ્વારા આવા લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે અને તેમના કોરોના ટેસ્ટ પણ કરાયા છે.

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી કોરોનાના કેસ વધી રહ્યા છે અને આ સંજોગોમાં ઘણા નિષ્ણાતો ત્રીજી લહેરની શક્યતા પણ વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં શરદી, ઉધરસ, તાવનો રોગચાળો પણ વકર્યો છે, તેની સાથે તંત્ર દ્વારા કોવિડ ટેસ્ટની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. જિલ્લા તંત્ર કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી.

અમરેલી જિલ્લા તંત્રના સૂત્રોના કહેવા મુજબ, હાલ કોઈએ ગભરાવાની જરૂર નથી. જોકે, સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન થાય અને લોકો માસ્ક પહેરે તે જરૂરી છે. જો લોકો ગાઈડલાઈનનું પાલન નહીં કરે તો પોલીસ દ્વારા દંડકીય કાર્યવાહી કરવામાં આવશે.

**આ કારણે અમરેલીનો મૃત્યુઆંક અન્ય જિલ્લાથી ઓછો**

કોરોના વખતે અમરેલી જિલ્લો આશરે બે મહિના સુધી સંક્રમણ મુક્ત રહ્યો હતો. પોલીસ તંત્રની કડક કાર્યવાહીના કારણે આ શક્ય બન્યું હતું. જોકે અમરેલી જિલ્લાની અને પોલીસ તંત્રની ટીકા કરતાં લોકો સોશિયલ મીડિયામાં કહેતા હતા કે અમરેલી દર વખતે નાટક જ કરે છે. પરંતુ આવા પરિબળોએ સમજવાની જરૂર છે કે આ નાટકના કારણે જ અમરેલી જિલ્લાનો મૃત્યુઆંક રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં ઘણો ઓછો છે. આ વખતે પણ કોરોનાનો ઓમિક્રોન વેરિએન્ટ જિલ્લામાં તાંડવ મચાવે તે પહેલા જ તંત્રએ કડક કામગીરી શરૂ કરી દીધી છે.

**વિદેશથી આવેલા લોકોને કરાયા ક્વોરન્ટાઈન**

ઓમિક્રોનના ખતરાને લઈ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. અમરેલી જિલ્લામાં બહારથી આવેલા ૪૫ જેટલા લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તેમના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. આ તમામ વ્યવસ્થા પર કલેક્ટર સીધી નજર રાખી રહ્યાં છે.

## ગુજરાતી ફિલ્મ દિવાસ્વપ્ન નિહાળવા અનુરોધ કરતા દિલીપભાઈ સંઘાણી




અમરેલી, તા.૯

ગિજુભાઈ બધેકાના બાળકો રમતાં રમતાં ભણે અને ભણતાં ભણતાં રમે'ના વિચારોને ચરિતાર્થ કરતી ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન' તા.૧૦ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં પ્રદર્શિત થવા જઈ રહી છે. ત્યારે ભારમુક્ત ભણતરની સાથે ઝેરમુક્ત ખેતી સહિતની પ્રવર્તમાન સમસ્યાઓને ઉજાગર કરતી આ ગુજરાતી ફિલ્મને રાજ્યનાં શિક્ષણજગતના લોકો, જગતના તાત એવા ખેડૂતો સહિતના લોકોને નિહાળવા એનસીયુઆઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ અનુરોધ કર્યો છે અને રાજ્યનાં મુખ્યમંત્રીને આ ફિલ્મને કરમુક્ત કરવા પત્ર પાઠવી ભલામણ કરી છે.

## અમરેલીમાં એબીવીપી દ્વારા શહીદ બિપિન રાવતને શ્રધ્ધાંજલિ અર્પણ



અમરેલી,તા.૯

અમરેલીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ-અમરેલી દ્વારા કોલેજ સર્કલ ખાતે ગઈકાલે બનેલી દુર્ઘટનામાં સીડીએસ જનરલ બિપિન રાવતનું અવસાન થતા તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ તકે નગર અધ્યક્ષ પ્રો. જે.એમ. તળાવીયા સહિત નગર અને કેમ્પસની ટીમ ઉપસ્થિત રહી હતી.

## રાજુલા તાલુકાના કોટડી ગામે કોળી સમાજના ૧૪મા સમૂહલગ્ન યોજાયા



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ, તા.૯

રાજુલા તાલુકાના કોટડી ગામે સમસ્ત કોળી સમાજ દ્વારા ૧૪મા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગર બાંભણિયા બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું. જેમાં બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૨૩ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ પ્રસંગે પૂર્વ સંસદીય સચિવ હિરાભાઈ સોલંકીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે વાવડી મહંત બાબભાઈ બાપુ, જીલુભાઈ બારૈયા, વિક્રમભાઈ શિયાળ, રણછોડભાઈ મકવાણા, મુકેશભાઈ ગુજરીયા સહિત કોટડી ગામના સમસ્ત કોળી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ



અમરેલી, તા.૯

અમરેલીમાં શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ દ્વારા તામિલનાડુ હેલિકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં શહીદ થનાર દેશનાં વીર શહીદોને સિવિલ હોસ્પિટલ ખાતે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે ડોક્ટરો સહિત સિવિલ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## જાફરાબાદ ખાતે જાફરાબાદ શહેર ભાજપની કારોબારી બેઠક યોજાઈ



જાફરાબાદ, તા.૯

જાફરાબાદ ખાતે જાફરાબાદ શહેર ભાજપની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ સરમણભાઈ બારૈયાની આગેવાનીમાં મળેલ આ કારોબારી બેઠકમાં હર ઘર દસ્તક રસીકરણ અભિયાન અને શ્રમકાર્ડ જેવી અનેક ભાજપ સરકારની યોજનાઓ ઘરે ઘરે સુધી પહોંચાડવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ મનોજભાઈ, યુવા ભાજપ પ્રમુખ વિક્રમભાઈ, મહામંત્રી સંજયભાઈ, બક્ષીપંચ મોરચાના પ્રમુખ મોહન મામા, ઉપપ્રમુખ ભાયાભાઈ, વિનોદભાઈ જાદવ, વલ્લભભાઈ, પ્રકાશભાઈ, અરવિંદભાઈ, આકાશભાઈ, લાખુભાઈ, સંજયભાઈ, અશોકભાઈ, હરેશભાઈ, ગોપાલભાઈ, દિપકભાઈ, કૈલાશભાઈ, યશવંતભાઈ, ભાવેશભાઈ, અજીતભાઈ, સહિત યુવા ભાજપ શહેરના નવનિયુક્ત હોદ્દેદારો અને કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

## સાવરકુંડલાની રઘુવંશી સેવિંગ્સ કો.ઓ. સોસાયટી દ્વારા રજત જયંતિની ઉજવણી



સાવરકુંડલા, તા.૯

સાવરકુંડલા શહેરમાં આવેલી રઘુવંશી સેવીંગ્સ કો. ઓપરેટીવ સોસાયટી લિ.નાં ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિ નિમિતે સભાસદોને શુધ્ધ ચાંદીનાં સિક્કા ભેટ સ્વરૂપે આપી ઉજવણી કરવામાં આવી રહી છે. રઘુવંશી સમાજના આર્થિક ઉત્થાન માટે કાર્ય કરતી આ સંસ્થાના વિકાસમાં આર.કે.ગઢિયા, નરેન્દ્રભાઈ વણઝારા સહિત જ્ઞાતિનાં અગ્રણીઓ યોગદાન આપી રહ્યા છે.

## અમરેલીમાં પતંજલિ યોગ સમિતિ દ્વારા ૫૧ કુંડી યજ્ઞનું આયોજન

અમરેલી, તા.૯

અમરેલીમાં પતંજલિ યોગ સમિતિ-હરિદ્વારના યજ્ઞથી રોગ મુક્તિ અભિયાન અંતર્ગત અમરેલી પતંજલિ યોગ સમિતિ દ્વારા મહાજન મંડપ સર્વિસ-સ્ટેશન રોડ ખાતે આગામી તા.૨૧ને મંગળવારના રોજ સાંજે ૪થી ૬ દરમિયાન ૫૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞમાં લાભ લેનાર વ્યક્તિને પતંજલિ યોગ સમિતિ-અમરેલી દ્વારા રોગ પ્રમાણેની ઔષધિ તથા યજ્ઞ કુંડ રૂ.૫૫૧ના ખર્ચે આપવામાં આવશે. યજ્ઞ પૂર્ણ થયા બાદ યજ્ઞ કુંડ જે તે લાભાર્થી પોતાના ઘરે લઈ જઈ શકશે.

## અમરેલીના પેન્શનરોને તા.૩૧ સુધીમાં રોકાણની વિગતો આપવા અનુરોધ

અમરેલી, તા.૯

રાજ્ય અથવા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા અમરેલી જિલ્લાનાં તમામ પેન્શનરોને નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે કેન્દ્ર દ્વારા આવકવેરાના બે વિકલ્પ આપવામાં આવ્યા છે. ત્યારે પેન્શનરો જો જૂના વિકલ્પમાં યથાવત રહેવા માંગતા હોય અને આવક નિયત મર્યાદાથી વધતી હોય તો સ્વ આકારણી કરી રોકાણ સહિતની વિગતો અથવા રોકાણ અંગે બાહેંધરીની સ્વપ્રમાણિત નકલ તિજોરી કચેરીને આગામી તા.૩૧ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવ્યું છે. અન્યથા પેન્શનર નવો વિકલ્પ સ્વિકારવા માંગે છે તેમ માની નિયમ અનુસાર આવકવેરાની કપાત કરવામાં આવશે. તેમ જિલ્લા તિજોરી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## બાબરાના શિક્ષકની પુત્રી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ નંબરે



તસવીર : વિજય માળી

બાબરા, તા.૯

બાબરા તાલુકાના શિક્ષક વિનુભાઈ ચાવડાની ધોરણ ૯ માં અભ્યાસ કરતી દિકરી ચાવડા દ્રષ્ટીએ રાજ્ય કક્ષાની નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ રાજ્ય લેવલે પ્રથમ નંબર પ્રાપ્ત કરી ચાવડા પરિવાર સહિત બાબરા ગામનું ગૌરવ વધાર્યું છે. આ તકે સંજયભાઈ ચાવડા, મુળુભાઈ, વશરામભાઈ મકવાણા, ગૌરાંગભાઈ, પંકજભાઈ સહિતનાઓ દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## આજે રોલ ઓબ્ઝર્વર હર્ષદ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે

અમરેલી, તા.૯

તાજેતરમાં હાથ ધરવામાં આવેલ મતદાર નોંધણી કાર્યક્રમની સમીક્ષા કરવા રોલ ઓબ્ઝર્વર હર્ષદ પટેલ તા.૧૦ ડિસેમ્બરે અમરેલી જિલ્લાની મુલાકાતે પધારનાર છે. જેમાં રોલ ઓબ્ઝર્વર હર્ષદ પટેલ સાંજે ૫ કલાકે મતદાર નોંધણી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ સાથે બેઠક કરી મતદાર નોંધણી અંગેની સમીક્ષા કરશે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





હાસ ઈન્ફ્રાટેક પ્રા.લી. અમરેલી
3 BHK લકઝરીયસ બંગ્લોઝ





સુવિધાઃ
જેમા નીચે માસ્ટર હોલ, કિચન, બેડરૂમ તથા ઉપર બે બેડરૂમ તથા પાણીનો સ્વતંત્ર દાર સાથે
ફૂલ સ્લેબ વીથ બેડરૂમ બાલ્કની સાથે
ડબલ ગેટ વાળુ
ફોર વીલ પાર્કીંગ ધરાવતું કોર્નર મકાન.
૧૪૦૦ સ્કે. ફૂટ બાધકામ · આર.સી.સી. બીમ કોલમ સ્ટ્રકચર, · સંપૂર્ણ ટાઈટલ કલીયર · સબસીડીને પાત્ર
વધુ માહિતી તથા બુકીંગ માટે સંપર્ક
હિંમતભાઈ સોળીયા દિવ્યેશ ગોજારીયા
૯૯૭૪૭ ૨૯૦૦૭

### ટીબી ચેક પોસ્ટ પરથી ચાર અમદાવાદી પીધેલા પકડાયા

# લાઠી બસ સ્ટેશન પાસેથી વિદેશી દારૂની ૬૭ બોટલ સાથે કિશોર પકડાયો

અમરેલી, તા.૯

અમરેલીમાં યુવાધન દારૂના ખપ્પરમાં હોમાઈ ગયું હોય તેમ કિશોરો પણ સક્રિય થયા છે. લાઠી શહેરમાં બસ સ્ટેન્ડ પાસેથી એક કિશોર ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૬૭ બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે ૨૨૫૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ કબજે કર્યો હતો, કિશોરે આ બોટલો ભાવનગરના યુવક પાસેથી ખરીદી હોવાની કબૂલાત કરી હતી. વાવેરા ગામેથી ૩૦ લીટર સહિત જિલ્લામાંથી કુલ સાત લોકો પાસેથી ૪૫ લીટર દેશી દારૂ રેઈડ દરમિયાન મળ્યો હતો. અમદાવાદના ચાર, આણંદના ચાર સહિત જિલ્લામાંથી કુલ ૭૯ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં પકડાયા હતા. જાફરાબાદ, સાવરકુંડલા, બગસરા, ચલાલા, છતડીયા, ધારી, દામનગર, ધામેલ, વિકટર, લાઠી, બલાણા, સરકારી પીપળવા, ટોડા, રોહિસા, ખાંભા ટી પોઈન્ટ, વંડા, શેલણા, ટીંબી ચેક પોસ્ટ, અમરાપરા, બાબરા, રાજુલા, લીલીયા, અમરેલી સહિતની જગ્યાએથી શરાબીઓને પકડીને કાર્યવાહી કરી હતી.

# અમરેલી જેલમાંથી અમદાવાદ સ્કવોડના ચેકિંગમાં સીમકાર્ડ પકડાયું

અમરેલી, તા.૯

કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહેતી અમરેલી જિલ્લા મધ્યસ્થ જેલ ફરી એક વખત સમાચારમાં ચમકી છે. અમદાવાદથી આવેલી સ્કવોડે ચેકિંગ કરતાં ખાડો ખોદીને દાટેલું સીમ કાર્ડ મળી આવ્યું હતું. મળતી વિગત પ્રમાણે, બે દિવસ પહેલા અમરેલી જિલ્લા જેલ ખાતે ઝડતી સ્કવોડ અમદાવાદ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઝડતી દરમિયાન જેલના યાર્ડ નં ૧૧ ની પાછળ પાણીની પાઈપની બાજુમાં ખાડો કરી છુપાવી રાખેલું તૂટેલુ વોડાફોન કંપનીનું સીમકાર્ડ મળી આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કેદીઓને સગવડો આપવાના આરોપસર અગાઉના જેલર બાબરીયા સહિત જેલના કર્મચારીઓ સામે કાર્યવાહી ચાલુ છે. ત્યાં ફરી એક વખત સીમકાર્ડ મળી આવતા ઉંડાણપૂર્વકની તપાસ થશે તો ફરી કેટલાકના નામો ખુલે તેવી શક્યતા છે.

# જાબાળ અને જામબરવાળામાં ઝેરી દવા પીવાથી બે પરપ્રાંતીયના મોત

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં ઝેરી દવા પીવાના કારણે મોત થવાની ઘટના સતત વધી રહી છે. જાબાળ ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના ધાર જીલ્લાના મનાવા તાલુકાના ટોકી ગામના શર્માજી માસિંહ માંડલોઈએ જાહેર કર્યા મુજબ, તેના પત્નીને વતનમાં જવું હતું. જેથી તેમણે ખેતીકામ પૂર્ણ થયા બાદ પછી જઈશું તેમ કહેતા લાગી આવ્યું હતું અને પોતાની મેળે જંતુનાશક દવા પી લીધી હતી. જેને લઈ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું મોત થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એન.જેડ.ભોયા વધુ તપાસ કરી રહ્યા છે. જામ બરવાળા ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના કાકડબારી નાથ ફળીયુંના રહેવાસી અનેસિંગભાઈ રસુલભાઈ મોહનીયા (ઉ.વ.૪૩)એ જાહેર કર્યા મુજબ તેમના દિકરાને બે દિવસ પહેલા રાત્રે વાળુપાણી કર્યા બાદ ભાગવી રાખેલી વાડીએ પાણી વાળવા જવાનું કહેતા લાગી આવ્યું હતુ અને પોતાની મેળે ઝેરી દવા પી લેતાં મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.બી.કાતરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# તરવડા ગ્રામ પંચાયત સમરસ, બચુભાઈ રાઠોડ બન્યા સરપંચ



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં અનેક ગ્રામ પંચાયત સમરસ જાહેર થઇ છે. જેમાં તરવડા ગ્રામ પંચાયતમાં બચુભાઈ માણાભાઈ બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. જ્યારે ઉપસરપંચ પદે ગોરધનભાઈ ભીમજીભાઈ લાખાણી, સભ્ય રમણીકભાઈ નનુભાઈ લાખાણી, જિગ્નેશભાઈ વિઠ્ઠલભાઈ પટોળીયા, શારદાબેન ધીરૂભાઈ લાખાણી, ભાવનાબેન લલીતભાઈ લાખાણી, હંસાબેન મહેશભાઈ પરમાર તથા કંચનબેન દિનેશભાઈ ચામડીયાનું નામ જાહેર કરાયું છે. બિનહરીફ ચૂંટાઇ આવેલ પેનલને આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# વડીયાના દેવગામમાં મહિલાએ લૂંટારુઓને પડકારતાં ગીલોલ મારતાં આઠ દાંત પડી ગયા

## મહિલાના ઘરમાંથી સોનાના દાગીના સહિત ૮૬ હજારની લૂંટ

વડિયા, તા. ૯

અમરેલી જિલ્લામાં લૂંટારુઓની નવી તરકીબ સામે આવી છે. લૂંટ કર્યા બાદ જો કોઈ પ્રતિકાર કરે તો તેના પર હુમલો કરવામાં આવે છે. વડિયાના દેવગામે એક મહિલાના ઘરમાંથી ૮૬ હજારની લૂંટ કરીને જઈ રહેલા લૂંટારુઓને પડકાર ફેંકતા તેના પર ગીલોલથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં મહિલાના આઠ દાંત પડી ગયા હતા. બનાવના પગલે ગામમાં ફફડાટ ફેલાયો હતો. આ ઘટના અંગે જીતુબેન મનસુખભાઈ સાપરા (ઉ.વ.૪૦)એ બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ બે દિવસ પહેલા સાંજે સાડા ચાર વાગ્યે બે ઈસમો મોટર સાઈકલ લઈને તેમના ઘરે આવ્યા હતા. જેમાંથી એક ઈસમ ઘરની બહાર ચોકી કરવા ઉભો હતો અને બીજાએ ઘરમાંથી સોનાના દાગીના અને રોકડા એક હજાર મળી કુલ ૮૬ હજારની લૂંટ ચલાવી હતી. જેથી તેમણે તેને અટકાવી પકડવાની કોશિશ કરતાં ગીલોલથી પથ્થર મારીને મોઢા પર ઈજા પહોંચાડી હતી જેમાં તેમના આઠ દાંત પડી ગયા હતા. લૂંટ કરીને તેઓ ફરાર થઈ ગયા હતા. બનાવને પગલે ચકચાર મચી ગઈ હતી. વડિયા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એ.વી.સરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લોકી સરપંચ સહિત સમગ્ર પેનલ બિનહરીફ જાહેર



અમરેલી, તા. ૯

લીલીયાની લોકી ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત સમગ્ર પેનલ બિનહરીફ જાહેર થઇ છે. જેમાં સરપંચ કિરીટભાઇ સોળીયા સહિત સભ્યો ઘોહાભાઇ ખુમાણ, ભાવનાબેન સોળીયા, રેખાબેન સોળીયા, હરેશભાઇ વાડઝા, ગીતાબેન ગમારા, કૈલાસબેન વાઘેલા, ગૌરીબેન ડેલાણીયા, તથા માવજીભાઇ મહીડાને ગ્રામજનોએ બિનહરીફ ચૂંટી કાઢ્યા છે. સરપંચ તથા તમામ સભ્યોની ટીમને ગામના હિંમતભાઇ સોળીયા સહિત આગેવાનોએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી, તેમજ ગ્રામજનોને આભાર વ્યક્ત કર્યો હતો.

# વાઘણિયા પ્રાથમિક શાળામાં શહીદ બિપીન રાવતને શ્રધ્ધાંજલિ અર્પણ




અમરેલી, તા. ૯

લીલીયા તાલુકાની શ્રી વાઘણીયા પ્રાથમિક શાળામાં શહીદ બિપીન રાવતને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય મનસુખભાઇ મેવાડા દ્વારા ભારતના વીર રતન, સર્જીકલ સ્ટ્રાઇકના હીરો એવા સીડીએસ જનરલ બિપીન રાવતના જીવન કવન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે શાળાના વિપુલભાઇ કોટડીયા, મંજુલાબેન નારિયા, મનીષાબેન ચત્રોછા તેમજ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# રાજુલામાં ટેલીગ્રામ પર જુગાર, બે ઝબ્બે

રાજુલા, તા.૯

અમરેલી જિલ્લામાં જુગારની બદીને અટકાવવા ઉચ્ચ કક્ષાએથી આદેશ અપાયા છે. રાજુલામાં ઠાકરધણી હોટલ પાસેથી એલસીબીએ સોશિયલ મીડિયા ટેલીગ્રામના માધ્યમથી ઓનલાઈન જુગાર રમાડતાં બે શખસોને દબોચી લીધા હતા. રામપરા-૨માં રહેતા લાલાભાઈ વાઘ તથા ખાંભાના જામકાવાડી વિસ્તારમાં રહેતા નનાભાઈ રામ મળીને ટેલીગ્રામ સોશિયલ મીડિયા પર જુગાર રમવા માંગતા લોકોને ગ્રુપમાં એડ કરતા હતા. જે બાદ જુગારની રકમ ઓનલાઈન મેળવીને જીતનાર વ્યક્તિનેને ગૂગલ પે કે ફોન પે દ્વારા પેમેન્ટ કરતા હતા. પોલીસે તેમની પાસેથી બે મોબાઈલ, રોકડા ૧૬૫૦ મળી કુલ ૨૧,૬૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ બી.ડી.અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં નવનિયુક્ત ટીડીઓની શુભેચ્છા મુલાકાત લેતા આગેવાનો


તસ્વીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૯

રાજુલામાં નવનિયુક્ત તાલુકા વિકાસ અધિકારી હિતેષકુમાર પરમારની આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા. આ શુભેચ્છા મુલાકાતમાં ભારતના સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરના અંગત મદદનીશ મહેશભાઈ રાઠોડ, કરશનભાઈ રાઠોડ, કિશોરભાઈ ધાખડા, રમેશભાઈ બાબરીયા, બાલુભાઈ ગોહિલ, જયંતીભાઈ પરમાર, વેગડાભાઈ, બાંભણીયાભાઈ, મહેશભાઈ સોલંકી, હિતેશભાઈ સોલંકી સહિત આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ટીડીઓને ભગવાન બુદ્ધની પ્રતિમા ભેટ આપી શાલથી સન્માનિત કરાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૧૦-૧૨-૨૦૨૧, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૪, સૂર્યાસ્ત-૫:૫૦, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર : શત્તાબાવીશ

## દૈનિક રાશિફળ

તા. ૧૦-૧૨-૨૦૨૧ શુક્રવાર

- મેષ(અ.લ.ઇ.)કામકાજમાં પ્રસન્નતા જળવાઇ રહેશે,સ્નેહીના સંપર્કથી લાભ થશે.
- વૃષભ(બ.વ.ઉ.)સરકારી કામમાં સફળતા મળશે,કરેલા કાર્યો ફળદાઇ બનશે.
- મિથુન(ક.છ.ઘ.)કામમાં નિરાશાનો અનુભવ થશે,સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે.
- કર્ક(ડ.હ.)ધન અને માનનો વ્યય જણાશે,નોકરીમાં પરેશાની રહેશે,માનસિક તણાવ જણાશે.
- સિંહ(મ.ટ.) દરેક કામકાજમાં સફળતા મળશે,ધંધામાં નવી તકો મળશે.
- કન્યા(પ.ઠ.ણ.)ધંધાનાં કામમાં સફળતા મળશે,પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો.
- તુલા(ર.ત.)ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે,નવા સબંધોમાં નિરાશા જણાશે.
- વૃશ્ચિક(ન.ય.)પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે.
- ધન(ભ.ધ.ફ.ઢ.)આજે ભાગ્ય અનુકુળ જણાય છે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે.
- મકર(ખ.જ.)વાદ-વિવાદના કામથી બચવુ,આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે.
- કુંભ(ગ.શ.ષ.સ.)કામની સફળતામાં ખુશી અનુભવશો, સ્વજનોનો સહયોગ મળશે.
- મીન (દ.ચ.ઝ.થ.)માનસિક તણાવ જણાશે,કામમાં મધ્યમ સફળતા મળશે,વિરોધીઓથી સાવધાન રહેવુ.

# ઉંટવડ ગ્રામ પંચાયત બિનહરીફ થતા અભિનંદન પાઠવાયા



અમરેલી, તા. ૯

બાબરા તાલુકાની ઉંટવડ ગ્રામ પંચાયત સમરસ જાહેર થઇ છે. જેમાં સરપંચ રમેશભાઇ ખુંટ, સભ્યો ભાયાભાઇ બાલસરા, હરેશભાઇ ખુંટ, મુક્તાબેન જન, હંસાબેન બારૈયા, સંગીતાબેન ડાભી, બાબુભાઇ ખુંટ, મધુબેન સોરીયા, જયાબેન દાફડા તથા અશોકભાઇ વાળા બિનહરીફ થતા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સરપંચ રમેશભાઇ ખુંટે તમામ મતદારો, કાર્યકર્તાઓ, રાજકીય આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલી પંથકમાં યુવતીની પથારીમાં યુવક આવીને ઘૂસી ગયા બાદ થઈ જોવા જેવી

## પંથકમાં કિસ્સો બન્યો ચર્ચાનું કેન્દ્ર

અમરેલી, તા.૯

અમરેલી પંથકમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. એક ગામમાં રહેતી યુવતીની પથારીમાં શેડુભાર ગામનો યુવક આવીને ઘૂસી ગયો હતો. જેના કારણે યુવતીએ ચીસાચીસ કરતાં ઓસરીમાં ઉંઘતા તેના માતા-પિતા આવી ગયા હતા અને યુવકને ઝડપી લીધો હતો. જે બાદ ઝપાઝપીમાં યુવતીને ઈજા પહોંચી હતી. આ ઘટના અંગે યુવતીએ શેડુભાર ગામના વિશાલભાઇ ઘેલાભાઇ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, યુવતી ૦૭/૧૨/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે આવેલ રૂમમાં રાત્રે ૧૧ કલાક વાગ્યે એકલી પથારીમાં સુતી હતી ત્યારે એકાંતનો લાભ લઈ આરોપી તેની પથારીમાં ઘુસી ગયો હતો. જેથી યુવતીએ દેકારો કરતા ઓસરીમાં સૂતેલ તેના માતા પિતા જાગી જતાં આરોપીને પકડી લીધો હતો. જે બાદ આરોપીએ ઝપાઝપી કરી હતી. જેમાં યુવતીને પગની આંગળીમાં ઈજા પહોંચી હતી. સમગ્ર પંથકમાં આ કિસ્સો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ આર. એન.માલકિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિરડીનો યુવક સગીરાને ભગાડી ગયો

સાવરકુંડલા, તા.૯

વિરડી ગામનો યુવક સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હતો. જેને લઈ સગીરાના મામાએ પોલીસ ફરિયાદ કરી હતી. વિજપડી ધાર પાસે રહેતા પ્રવિણભાઈ નાથાબાઈ ટીંબડીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, પાંચેક દિવસ પહેલા મધરાતે એક વાગ્યાથી લઈ સવારના છ વાગ્યા દરમિયાન તેમની ભાણેજને વિરડી ગામે રહેતો નરેશ સુરેશભાઈ ચાવડા કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર વી.બી.દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# ભમ્મર ગ્રા.પં.માં જયાબેન વાટલીયા બિનહરીફ જાહેર

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ છે. જેના કારણે આવી સમરસ જાહેર થયેલી ગ્રામ પંચાયતોને જોગવાઇ મુજબ સરકાર તરફથી ખાસ ગ્રાન્ટ આપવામાં આવશે. આ જ રીતે સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે જયાબેન મનુભાઇ વાટલીયા સરપંચ તરીકે બિનહરીફ જાહેર થયા છે. સાથે સમગ્ર પેનલ પણ બિનહરીફ થઇ છે. ત્યારે સરપંચ સહિત તમામ ઉમેદવારોને યુવા લેખક નિર્મળ વાટલીયા સહિતના આગેવાનોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી, તેમજ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



★ કાર ★ બાઈક ★ ટ્રેક્ટર ★ ટ્રક ★ બસ
તમામ વાહન માટે રેડીયલ તેમજ ટ્યુબલેશ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ
વ્હીલ-પ્લેટ-ઘરા, જેક-ફીલ્ટર
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
TVS TYRES · YOKOHAMA · CEAT · Veedol · BOSCH · HP · MRF · JK TYRE · MICHELIN · Castrol · TAPARIA
સંજય ટાયર્સ — બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક — ટોયોટા શોરૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી

# અમરેલી એરપોર્ટના રનવેની લંબાઈ વધારવા સાંસદ કાછડીયાની ઉડ્ડયન મંત્રીને રજૂઆત

અમરેલી, તા. ૯



અમરેલી એરપોર્ટ ખાતે રન-વેની લંબાઈ વધારવામાં આવે તેવી સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા કેન્દ્રીય નાગરિક અને ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયાને રજૂઆત કરવામાં આવી છે. જો આ એરસ્ટ્રીપની લંબાઈ વધારવામાં આવે તો એટીઆર-૭૨ સીટના મોટા પ્લેન પણ લેન્ડ થઈ શકશે અને જેનો લાભ અમરેલીના લોકોને મળશે. સાંસદે રજૂઆત કરી છે કે, હાલમાં આ રન-વેની લંબાઈ ૧૫૦૦ મીટર જેટલી છે, જેના કારણે અહીં ફક્ત નાના અને ચાર્ટર્ડ પ્લેન જ ઉડાન ભરી રહ્યા છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ અમરેલીએ પણ એરસ્ટ્રીપની લંબાઈ વધારવા સંદર્ભે કલેક્ટર અને નાગરિક ઉડ્ડયન વિભાગને પત્ર લખ્યો હતો. જેને પગલે રનવેની લંબાઈ વધારવા સર્વે કરવામાં આવ્યો હતો. જે મુજબ અમરેલી શહેરની અંદાજિત ૨,૦૦,૮૧૭ ચો.મી. અને ગીરીયાની અંદાજિત ૩,૯૯,૩૫૩ ચો. મી. જમીન સંપાદન કરવાની આવશ્યકતા છે.

રનવેની લંબાઈ વધશે તો જિલ્લાના લોકોને રાજકોટ, વડોદરા, અમદાવાદ, સુરત, દિલ્લી અને મુંબઈ જેવા મોટા શહેરો સાથે સરળતાથી જોડાણ મળી રહેશે તથા લોકોના સમયનો બચાવ થશે.

# અંગત કામમાં સરકારી સાધનો ઉપયોગમાં લેતા અમરેલી નગરપાલિકાના સદસ્યો

## યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ઉઠતી લોકમાંગ

અમરેલી, તા. ૯



અમરેલી નગરપાલિકાના સદસ્યો દ્વારા પોતાના અંગત કામોમાં પાલિકાના સાધનોનો વપરાશ કરવામાં આવતો હોવાના આક્ષેપ થયા છે. કોઈના લગ્ન પ્રસંગમાં પાલિકાના સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેવા આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે એવા સવાલો ઉઠી રહ્યા છે કે જ્યાં સાફસફાઈ કરવાની જરૂરિયાત છે ત્યાં પાલિકા દ્વારા કરવામાં આવતી નથી અને શોભાના ગાંઠીયા સમાન પડી રહેલ સાધનો શું અંગત સાફસફાઈના ઉપયોગ માટે છે? સરકારી તંત્ર પણ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યાનું લાગી રહ્યું છે. આ સમગ્ર મામલો ખુલ્લો પડ્યો છે ત્યારે હવે જોવું રહ્યું કે, જવાબદાર સામે આગામી દિવસોમાં પગલા લેવામાં આવે છે કે કેમ? આ અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# જામીન પરથી છૂટી ફરાર થયેલા કેદીને અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે દબોચ્યો

અમરેલી, તા.૯



અમરેલીમાં ગ્રામ પંચાયતની ચૂંટણી પારદર્શક રીતે યોજાય તે માટે જેલમાંથી પેરોલ, ફર્લો, વચગાળાના જામીન રજા પરથી ફરાર,ભાગેડુ કેદીઓને ઝડપવા એસપી નિર્લિપ્ત રાયે સૂચના આપી છે. જે અનુસંધાને જામીન પર છૂટીને ફરાર થઈ ગયેલા અને ગોરડકામાં મનુભાઈ ચાંદુની વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના ઉબલોડના કાચા કામના કેદી દશરથભાઈ અમેનસિંગ વાસ્કેલાને ઝડપી લીધો હતો. આરોપી વચગાળાના જામીન પર તા ૨૮/૦૩/૨૦૨૦ ના રોજ ૯૦ દિવસ માટે મુકત કરવામાં આવ્યો હતો. જેમાં સમય અંતરે વધારો કરી કેદીને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ અમરેલી જીલ્લા જેલમાં ખાતે હાજર થવાનું હતું પરંતુ હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો. જોકે, તેને ઝડપી પાડવામાં પેરોલ ફર્લો સ્કવોર્ડને સફળતા મળી હતી.

# ધો. ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓએ વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખ્યા




સાવરકુંડલા, તા. ૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સાવરકુંડલાની સરકારી પ્રાથમિક કન્યા શાળા પે સેન્ટર શાળા નં. ૨-ની ધો. ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટકાર્ડ લખ્યા હતા. આ તકે કન્વીનર હર્ષાબેન ચૌહાણ, ઈન્ચા. આચાર્યા હંસાબેન વિંઝુડા, અરૂણાબેન ગામેતી સહિતે જહેમત ઉઠાવી હતી.

## શ્રીમતી શાંતાબેન હરીભાઇ ગજેરા સ્કૂલમાં

# દેશના પ્રથમ સી.ડી.એસ. જનરલ બિપીન રાવત સહિતના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ

અમરેલી, તા. ૯




અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલમાં ગઈકાલે હેલિકોપ્ટર ક્રેશની દુર્ઘટનામાં શહીદ થયેલ દેશના પ્રથમ સીડીએસ જનરલ બિપીન રાવત સહિતના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાસભા સંસ્થાના ડાયરેક્ટર હસમુખ પટેલ સહિત આચાર્યો, સ્ટાફગણ અને શાળાના વિદ્યાર્થીઓએ શહીદોના આત્માની શાંતિ માટે બે મિનીટનું મૌન પાળી પ્રાર્થના કરી હતી.

# સમગ્ર માર્ગી સાધુ સમાજ વિશે અભદ્ર ટિપ્પણી બદલ માવદાન ગઢવી વિરૂધ્ધ સાવરકુંડલામાં ફરિયાદ

સાવરકુંડલા, તા. ૯

સમગ્ર માર્ગી સાધુ સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરવા બદલ માવદાન ગઢવી વિરૂધ્ધ સાવરકુંડલા સાધુ સમાજ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં જણાવ્યા મુજબ માવદાન ગઢવીએ માર્ગી સાધુ સમાજ વિશે સોશિયલ મીડિયામાં માર્ગી સાધુ સમાજને દુઃખ પહોંચે તેવી અભદ્ર ટિપ્પણીનો વીડિયો વાયરલ કર્યો છે. જેના કારણે સમગ્ર ગુજરાતનો સાધુ સમાજ નારાજ છે. માવદાન ગઢવી વિરૂધ્ધ ગુનો દાખલ કરી આરોપીની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી.



તસ્વીર : સૌરભ દોશી

# સાવરકુંડલામાં કોવિડ ગાઈડલાઈનના ધજાગરા, લોકો માસ્ક વિના જોવા મળ્યા

સાવરકુંડલા, તા. ૯

છેલ્લા ત્રણ દિવસથી અમરેલી જિલ્લામાં માસ્ક સહિત કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા સૂચના આપવામાં આવી છે. પરંતુ સાવરકુંડલામાં મુખ્ય માર્ગ એવા બસ સ્ટોપ પર જ કોવિડ ગાઈડલાઈનના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. લોકો બેખૌફ થઈને માસ્ક વિના ફરતા જોવા મળ્યા હતા. સોશિયલ ડિસ્ટન્સનો અભાવ નજરે પડ્યો હતો. જોકે, ચેતવણી બાદ પણ પોલીસે અહીં કોઈ નોંધપાત્ર કામગીરી કરી નથી, જેના કારણે લોકોને માસ્ક પહેરવા કે અન્ય નિયમો પાલન કરવાની કોઈ ચિંતા નથી.




**-//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-**

મરણ નોંધ પરચુરણ અરજી નં.૬૧/૨૦૨૧

અરજદાર.........(૧)શ્રી મકવાણા મહેશભાઈ નાજાભાઈ
રે.ખોડી તા.ખાંભા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા....તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ખારા તા.લીલીયા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ખારા ગામના રહીશ શ્રી મકવાણા મહેશભાઈ નાજાભાઈ ના માસી સ્વશ્રી હીનાબેન ખીમાભાઈ ખીમસુરીયાનું અવસાન ખારા મુકામે તા.૨૨/૦૫/૨૦૨૦ ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી મરણ રજીસ્ટરની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ખારા ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના માસી સ્વ.શ્રી હીનાબેન ખીમાભાઈ ખીમસુરીયા ના મરણ નોંધ સને -૨૦૨૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૧/૨૦૨૧ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા


# દામનગર, લાઠી શહેર તથા તાલુકા યુવા ભાજપની કારોબારી બેઠક મળી

અમરેલી, તા. ૯



અમરેલી જિલ્લા યુવા ભાજપના પ્રમુખ ચેતનભાઈ શિયાળની અધ્યક્ષતામાં દામનગર મંડળની કારોબારી બેઠક યોજવામાં આવી હતી. જેમાં યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરોને આગામી દિવસોમાં પાર્ટીના વિવિધ કાર્યક્રમો મંડલોમાં થાય તે અંગે તેમજ સંગઠન અર્થે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ જ રીતે લાઠી શહેર તથા તાલુકાની કારોબારી બેઠક યોજાઈ હતી.

બેઠકોમાં જિલ્લા યુવા ભાજપના મહામંત્રીઓ મૌલિક ઉપાધ્યાય, જગદીશ નાકરાણી, કિશન શિલુ, કિશોર ભટ્ટ, સતીષભાઈ ગોસ્વામી, તુષારભાઈ પાઠક, ભરતભાઈ ભાસ્કર, જુવાનસિંહ, બાદલભાઈ અકેલા, બળુભાઈ ગોહિલ, પપ્પુભાઈ મોગલ, નરેશભાઈ મકવાણા, હિરેન પાડા, રાજુભાઈ ભુવા, અનિલભાઈ નાંઢા, ચેતનભાઈ મકવાણા, રાજુભાઈ મોતીસરીયા, ભરતભાઈ પાડા, દિનેશભાઈ જમોડ સહિત યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રી તેમજ સર્વે કારોબારી તેમજ હોદ્દેદાર, કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા.


**-//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-**

મરણ નોંધ પરચુરણ અરજી નં.૬૪/૨૦૨૧

અરજદાર.........(૧)શ્રી પુંજાભાઈ રાજાભાઈ ઘોડાસર
રે.સલડી તા.લીલીયા જી.અમરેલી
(૨)અરજદારના વકીલશ્રી અરવિંદકુમાર એસ.મેવાડા
રે. ૧૦૩, ગણેશ કોમ્પલેક્ષ મામલતદાર કચેરી સામે, સાવકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા.........તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,સલડી. તા.લીલીયા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામના રહીશ શ્રી પુંજાભાઈ રાજાભાઈ ઘોડાસરના પિતા સ્વ.શ્રી રાજાભાઈ કાબાભાઈ ઘોડાસર નું અવસાન સલડી મુકામે તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી મરણ રજીસ્ટરની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સલડી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના પિતા સ્વ.શ્રી રાજાભાઈ કાબાભાઈ ઘોડાસર ના મરણ નોંધ સને -૨૦૧૯ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૧/૨૦૨૧ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા



**દિવાલ જાહેરાત**

આ હરિફાઈના યુગમાં જરૂરછે જાહેરાત ની...

વિચારવા માં સમય નીકળી જશે...પાછળથી ચાલુકરેલ બિઝનેશ આગળ નીકળીજશે

અમરેલી જીલ્લાના કોઈપણ તાલુકા માં દિવાલ જાહેરાત કરી આપીશુ
૧વર્ષ કલર ની ગેરંટી સાથે.... અને બીજા કરતા ઓછાભાવ થી....

• દિવાલ જાહેરાત • ફલેક્સ બેનર •

give your business a new direction...
SINCE-2000
DAFDA PUBLICITY
CONTACT- 9998912600

બે ચાર દિવાલ માટે ફોન કરવો નહિ

ભરતભાઈ અમરેલી
MO. 9998912600
7016925838



**-//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-**

મરણ નોંધ પરચુરણ અરજી નં.૫૯/૨૦૨૧

અરજદાર....(૧)શ્રી મગનભાઈ ખીમજીભાઈ જયાણી
રે.જેસર રોડ, નંદિગ્રામ સોસાયટી,સાવરકુંડલા, તા.સાવકુંડલા જી. અમરેલી
(૨)અરજદારના વકીલશ્રી અરવિંદકુમાર એસ.મેવાડા
રે. ૧૦૩, ગણેશ કોમ્પલેક્ષ મામલતદાર કચેરી સામે, સાવકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા....જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી,સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામના રહીશ શ્રી મગનભાઈ ખીમજીભાઈ જયાણી ના માતા સ્વ.શ્રી સંતોકબેન ખીમજીભાઈ નું અવસાન સાવરકુંડલા મુકામે તા.૧૫/૦૧/૧૯૯૨ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી મરણ રજીસ્ટરની નોંધ નગરપાલિકા કચેરી, સવારકુંડલા ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના માતા સ્વ.શ્રી સંતોકબેન ખીમજીભાઈ ના મરણ નોંધ સને -૧૯૯૨ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૧/૨૦૨૧ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા



સરળ હપ્તેથી સોલાર વસાવો.../ ગેસ અને લાઈટબીલની ઝંઝટમાંથી મુકિત...




BAJAJ FINSERV

૧૦૦ લીટર થી ૧૦૦૦ લીટર સુધી હાજર સ્ટોકમાં...

Ms ISO 9001 : 2015 CERTIFIED

મેહુલ સેલ્સ & સર્વિસ
પાટીદાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેશન પાસે, બાબરા.
મો. ૯૯૨૫૯ ૩૩૩૫૯ – ૯૪૨૯૬ ૮૯૧૯૬ ફોન : ૨૩૪૦૪૦

**તંત્રી સ્થાનેથી**

## હજી ટેવ જતી જ નથી !!

લોકસભા અને રાજ્યસભાનું ચોમાસું સત્ર શરૂ થયું અને પ્રથમ સપ્તાહ પૂર્ણ થયું. નિયત સમયના અને નિયત કામગીરીના ૪૩ ટકા કામગીરી થઈ છે. જ્યારે છેલ્લા દિવસે રાજ્ય સભામાં થોડો સમય વધારે બેઠા તેના કારણે આ કામગીરી ૪૭ ટકાને આંબી ગઈ છે. જેને વરિષ્ઠોનું અથવા ઉપલું ગૃહ ગણવામાં આવે છે તે રાજ્યસભામાં તો ભારે દેકારો ચાલુ રહ્યો છે. સાંસદો અને માર્શલો વચ્ચે ઝપાઝપીનો બનાવ બનવાના કારણે રાજ્યસભાના કોંગ્રેસ, શિવસેના, ટીએમસી સહિતના સભ્યોને સત્ર સુધી સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરાવનો વારો આવ્યો છે. જો કે ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુએ એવી શરત મૂકી છે કે ૧૨ સભ્યો જો માફી માગે તો તેમનો આદેશ રદ કરી શકે છે.

આ સંજોગોમાં લગભગ બાકીના ચારેય દિવસ સંસદમાં ગડબડ ચાલુ રહી છે તો સાંસદોએ રાજ્યસભા સંકુલમાં ગાંધીજીની પ્રતિમા પાસે ધરણા પણ કર્યા હતા. કૃષિ કાયદાઓ રદ થયા બાદ એમએસપી અંગે કાયદો ઘડવા અને મૃતક ખેડૂતોના પરિવારોને વળતર તેમજ ખેડૂત આંદોલન ચાલુ જ રહેવાનું છે તે બાબત પણ સારી રીતે ચમકી હતી.

પ્રશ્નો ચર્ચાય તેમાં વાંધો નથી. પ્રજાના હિતને સ્પર્શતા દરેક પ્રશ્નોની નિખાલસ ચર્ચા થવી જોઈએ તેની સામે કોઈને વાંધો હોઈ શકે જ નહિ. સત્ર અગાઉ જે સત્ર હતું તેમાં પણ મોટાભાગનો સમય બરબાદ થયો હતો. આ વખતે ભલે ઓછા પ્રમાણમાં પણ કામકાજ અટક્યું તો છે જ આ તો રાજ્યસભાની જે વિગતો બહાર આવી છે તે સંસદીય લોકશાહી માટેની એક ચિંતાજનક ઘટના ગણી શકાય તેમ છે. આ વાતનો કોઈ ઈન્કાર કરી શકે તેમ છે જ નહિ. સંસદનું સત્ર સૂચારુ રીતે ચલાવવા માટે માત્ર વિપક્ષ નહિ પણ સરકારની પણ જવાબદારી છે. વિપક્ષ પર આક્ષેપ કરીને સરકાર કે તેના નેતાઓ જવાબદારીઓમાંથી છટકી શકે નહિ તે પણ એક હકિકત છે. જેની કોઈ ના પાડી શકે તેમ નથી. આશા રાખીએ હવે અગાઉના ઈતિહાસનું પુનરાવર્તન થાય નહિ.

# કૃષિ કાયદા રદ થયા પછી પણ અનેક પડકારો

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુરૂનાનક જયંતિના દિને ત્રણેય કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત કરી અને સંસદમાં આ ત્રણેય કાયદા પસાર થઈ ગયા. રાષ્ટ્રપતિએ પણ આ ત્રણેય કાયદા પર સહી કરીને તેને બહાલી આપી દીધી. હવે અખબારી પ્રચાર માધ્યમો અને નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે કૃષિ કાયદા એક ઈતિહાસ બની ગયા છે પરંતુ આ કાયદાની અસર હજી સાવ ગઈ નથી. ત્યાર પછીની જે માંગણીઓ છે તેનો ઉકેલ લાવવાની કામગીરી ચાલુ જ છે. સંસદમાં જો આ ત્રણેય કાયદા અંગે ચર્ચા થઈ હોત તો કદાચ વધુ કેટલીક માગણી બહાર આવી હોત. એમ.એસ.પી. અંગેનો કાયદો અને મૃતક ખેડૂતોના પરિવારોને વળતર આ બન્ને મુદ્દા અત્યારે બરાબર ચગેલા છે.

એમ.એસ.પી. અંગે કાયદો ઘડવા માટે સરકાર અવઢવમાં છે. આ માટે મોટુ બજેટ ફાળવવું પડે તેમ છે. આ બજેટ માટે જોગવાઈ કરવા માટે આવકના નવા સોર્સ કઈ રીતે ઉભા કરવા તે મહત્વનો સવાલ છે. અત્યારે ૩૦ જેટલા ધાન્યના એમ.એસ.પી. જાહેર થયા છે. કાયદો ઘડાય તો તમામ પ્રકારના ધાન્યના ટેકાના લઘુત્તમ ભાવ જાહેર પણ કરવા પડે અને તેની ખરીદી માટેની પણ વ્યવસ્થા કરવી પડે તેવી સ્થિતિ છે.

આ માટે રાજ્ય સરકારો પણ વખત આવ્યે વધુ રકમની પણ માગણી કરી શકે તેમ છે. જો કે ત્રણેય કૃષિ કાયદા પરત ખેંચવાની સાથે ખેડૂત સંગઠનોની સૌથી મોટી શરત અને માગણી એ છે કે એમ.એસ.પી. કાયદો થવો જ



જોઈએ. હવે ગમે તે માર્ગ કાઢીને સરકારે પોતાની રીતે નિર્ણય તો લેવો જ પડશે તે પણ નક્કી છે. જ્યારે ખેડૂતોનો એક વર્ગ નહિ પણ સંગઠનોનો મોટો વર્ગ એક જ વાતને વળગી રહ્યો છે કે લખીમપુર ખેરીમાં ખેડૂતોને કચડવાના મામલામાં જેમની સીધી યા આડકતરી સંડોવણી સાબિત થાય છે તે કેન્દ્રના ગૃહરાજ્યમંત્રી અજય મીશ્રાની કેન્દ્રીય કેબિનેટમાંથી હકાલપટ્ટી થવી જ જોઈએ.

હવે અત્યારે ખેડૂત સંગઠનો દ્વારા એવો મુદ્દો પણ ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે કૃષિ કાયદા વિરોધી આંદોલન દરમિયાન કુલ ૭૦૦ ખેડૂતોના મૃત્યુ નિપજ્યા છે અને સંગઠનો આ ખેડૂતોને શહીદ ગણાવે છે અને તેમને વળતર આપવાની પણ માગણી કરે છે. જો કે સંસદમાં એવી માહિતી આપવામાં આવી છે કે સરકાર પાસે ખેડૂત આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતો બાબતમાં કોઈ આંકડા નથી. કોઈ વિગતો નથી. કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય મનીષ તિવારીએ શૂન્યકાળ દરમ્યાન મૃતક ૭૦૦ ખેડૂતોના પરિવારને રૂ.૫ કરોડ આપવાની માગણી કરી છે. લોકસભામાં સત્તાવાર રીતે એવો જવાબ આપવામાં આવ્યો છે કે કેટલા ખેડૂતો મૃત્યુ પામ્યા છે તેની વિગતો જ સરકાર પાસે નથી પછી વળતર આપવાનો સવાલ જ ઉભો થતો નથી. સામે પક્ષે મનીષ તિવારીએ એવો પડકાર ફેંક્યો છે કે આંકડા હું આપું તમે શહીદ ખેડૂતોને શ્રધ્ધાંજલિ આપીને તેના માટે પાંચ કરોડનું વળતર જાહેર કરો. આ તો વિપક્ષ અને સંસદની વાત છે.

પરંતુ કૃષિ કાયદા રદ કરવા માટે ઉત્તર પ્રદેશ ભાજપના એક વર્ગની માગણી હતી. ખાસ કરીને પશ્ચિમ યુપી સહિતના વિસ્તારોમાં ખેડૂતો વધુ ઉગ્ર લાગણી ધરાવે છે. જેથી આ વિસ્તારોમાં ભાજપના આગેવાનોને પગ મૂકવો પણ અઘરો છે. આ દબાણ વધુ કામ કરી ગયું છે. યુપી અને પંજાબ ફરી ગુમાવવા ન પડે તે માટે જ કૃષિ કાયદા રદ કરવાની સરકારને ફરજ પડી છે. હવે ખેડૂત આંદોલન દરમિયાન મૃત્યુ પામેલા ખેડૂતોમાં પંજાબની સાથે ઉત્તર પ્રદેશના ખેડૂતો પણ મોટી સંખ્યામાં છે જેથી ભાજપનો મોટો વર્ગ એમ માને છે કે મૃતક ખેડૂતોના આંકડા એકઠા કરી ૭૦૦ જેટલા ખેડૂતોને વળતર ચુકવવું જોઈએ. ભાજપના આગેવાનો માને છે કે ૭૦૦ મૃતક ખેડૂતોના પરિવારોને જો પરિવાર દીઠ રા.૪ લાખની રકમ ચૂકવવામાં આવે તો આ આંકડો ૩૫ કરોડ રૂપિયા થવા જાય છે. કેન્દ્રના બજેટ પ્રમાણે આ રકમ જરાય મોટી નથી. મૃતક કે શહીદ ખેડૂતોના પરિવારોને વળતર ચૂકવવામાં ન આવે તો ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડમાં વિરોધપક્ષોને આ મુદ્દો ચગાવવાની તક પણ મળી જાય અને તેનો ભાજપને ગેરફાયદો થવાની પણ પૂરેપૂરી શક્યતા છે. આ સંજોગોમાં સત્તાધારી પક્ષનો જ એક મોટો વર્ગ પણ આ બાબતમાં દબાણ કરી રહ્યો છે તે વાસ્તવિકતા છે હકિકત છે. જેનું નિરાકરણ થવું હવે જરૂરી બન્યું છે. આ સંજોગો વચ્ચે કેન્દ્ર સરકારને આ જાહેરાત કર્યા વગર છૂટકો જ નથી.


અજય મીશ્રાવાળું પ્રકરણ પણ કઈ રીતે શાંત પડે છે તે જોવાનું રહે છે. જો કેન્દ્રીય પ્રધાન મંડળમાંથી અજય મીશ્રાને દુર કરાય તો તેના ઘેરા પડઘા પડવાના અને તેમાંય ખાસ કરીને બ્રહ્મસમાજના મતદારોને ખેંચવાનું અભિયાન ચલાવનાર અને મુદ્દો બનાવનાર માયાવતીના પક્ષ બસપાને તેનો સીધો ફાયદો મળે તેમ છે. જો મીશ્રા સામે પગલા ભરે તો બ્રહ્મસમાજ નારાજ થાય અને પગલા ન ભરે તો ખેડૂતો નારાજ થવાનો ભય છે. આમ ભાજપ માટે દ્વિધા અને અવઢવભરી સ્થિતિ છે. આમ કૃષિ કાયદા અને તેની સામેના આંદોલને એક નહિ અનેક મુદ્દા ઉપસ્થિત કર્યા છે. તેમાંય સરકારે જે જવાબ આપ્યો છે કે ખેડૂતોના મૃત્યુના આંકડા નથી તે જવાબના ખેડૂતોમાં જ નહિ પણ અન્ય વર્તુળોમાં પણ ઘેરા પડઘા પડ્યા છે આ બાબત પણ કોરોનાના કારણે થયેલા મૃત્યુ જેવી જ પુરવાર થઈ રહી છે તે હકીકત છે તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી.

**એમ.એસ.પી.નો કાયદો અને આંદોલનમાં મૃત્યુ પામેલા ખેડૂતોને વળતર આપવાનો મુદ્દો વધુ મહત્વનો : જો કે મૃતકો અંગે કોઈ માહિતી ન હોવાના સત્તાવાર જવાબથી વિવાદ**

# શેરબજારમાં જોરદાર તેજી : સેન્સેક્સમાં ૧૦૧૬ પોઈન્ટનો ઉછાળો


મુંબઈ તા.૯

રિઝર્વ બેંક દ્વારા અર્થતંત્રને ટેકો આપવા આજે વ્યાજદર યથાવત રાખવાની સાથે જીડીપી વૃદ્ધિદર પણ ૯.૫૦ ટકા રહેવાની અપેક્ષા પાછળ આજે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ ઉદભવ્યો હતો. ચોમેરથી નવી લેવાલીએ આજે સેન્સેક્સમાં ૧૦૧૬ અને નિફ્ટીમાં ૨૯૩ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. અર્થતંત્રને ટેકો આપવા રિઝર્વ બેંક દ્વારા સતત નવમી વખત વ્યાજદરમાં કોઈ ફેરફાર કરાયો નહોતો. આ ઉપરાંત જીડીપી વૃદ્ધિનો ૯.૫૦ અંદાજ યથાવત રાખવા સાથે અન્ય કેટલાક મહત્વના નિર્ણય લીધા હતા. આ ઉપરાંત ઓમિક્રોન વિષયક ભીતિ હળવી થયાના અહેવાલોની વિદેશી શેરબજારો પર સાનુકૂળ અસર થઈ હતી. આ અહેવાલો પાછળ મુંબઈ શેરબજાર ખાતે આજે ચોમેરથી નીકળેલી નવી લેવાલી પાછળ સેન્સેક્સ ૧૦૧૬ પોઈન્ટ ઊછળીને ૫૮૬૪૯.૬૮ અને નિફ્ટી ૨૯૩ પોઈન્ટ ઊછળીને ૧૭૪૬૯.૭૫ની સપાટીએ મજબૂત રહ્યો હતો. સેન્સેક્સમાં નોંધાયેલ ઊછાળાના પગલે આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૯૬ લાખ કરોડનો વધારો થયો હતો. બજારમાં તેજીનો માહોલ હોવા છતાં વિદેશી રોકાણકારોએ આજે રૂ. ૫૭૯.૨૭ કરોડની વેચવાલી હાથ ધરી હતી.



**વૈશ્વિક શેરબજારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ.૩.૯૬ લાખ કરોડનો વધારો**

## શબ્દ સંજોગ-૧૨૩૮



**આડી ચાવી :**
(૧)એક કહેવત(૯)
(૭)સોના કે ચાંદીનું સાવ પાતળું પતરું(૩)
(૮)વનસ્પતિમાંથી દૂઝતો ચીકણો રસ(૨)
(૯)કેફી ચીજ થી ચડતો કેફ(૨)
(૧૧)હંસ(૩)
(૧૩)નુકસાન,ચૂક(૨)
(૧૫)ફિટકાર(૩)
(૧૭)એક રકમ(૨)
(૧૮)ઘોડેસવાર યોધ્ધો(૩)
(૧૯)શેરડીનું ખેતર(૨)
(૨૦)સેના(૨)
(૨૧)એક પક્ષી(૨)
(૨૨)મૂંગુ(૨)
(૨૩)એક રાશિ(૩)
(૨૫)માટી કે ધાતુનો ગોળ પોલો લાંબો ઘાટ(૨)
(૨૬)દાનવોનો શિલ્પી(૨)
(૨૮)નકામું,રદ્દી(૨)
(૩૦)બૌધ્ધ કે જૈન સાધુ(૪)
(૩૧)મીઠું,સબરસ(૩)

**ઉભી ચાવી :**
(૧)નવલાખની કિંમતનું(૪)
(૨)જે બોલે તેના જ વેચાય(૨)
(૩)રામના ભાઈ(૩)
(૪)ખાટલી,નાનો માંચો(૨)
(૫)સેતુ બાંધનારો રામની સેનાનો એક વાનર નાયક(૨)
(૬)ગુજારો,નિર્વાહ(૪)
(૧૦)ખોળેલું,શોધેલું(૩)
(૧૨)ભાંગે નહી પણ વળે એવું(૪)
(૧૪)જમીનદોસ્ત,ખેદાન મેદાન(૩)
(૧૬)મોકલેલું,વિદાય કરેલું(૩)
(૨૦)સુગંધ,સુવાસ(૩)
(૨૧)માળાની શરૂઆતનો મણકો(૨)
(૨૨)અસલ,પહેલાનું(૨)
(૨૪)એક ફૂલ(૩)
(૨૫)મૂળ ઉત્પતિસ્થાન(૩)
(૨૭)એક દેવયોનિ(૨)
(૨૯)ભીંડીની જાતનો એક છોડ(૨)

## શબ્દ સંજોગ-૧૨૩૭ જવાબ

**આડી ચાવી :**(૧) ડાંખળી (૩) પિંડ (૫) પ્રથા (૭) ગણ (૮) સડક (૯) હાક (૧૦) રજકો (૧૨) કઠોર (૧૪) લેબલ (૧૭) સરોજ (૧૯) સનરફજ(સફરજન) (૨૨) રોમ (૨૩) વણજ (૨૪) દન (૨૫) રગડ (૨૯) ભૂ (૩૦) સોબત તેવી અસર.

**ઉભી ચાવી :** (૧) ડાંગર (૨) ખણજ (૩) પિંડ (૪) ડક્ક (૫) પ્રહાર (૬) થાક (૧૧) કોલેજ (૧૩) ઠોકર (૧૫) લસણ (૧૬) વ્યાજ (૧૭) સરોદ (૧૮) રોમન (૨૦) નજર (૨૧) ફક્કડ (૨૩) વર્ગ (૨૬) ગરાસ (૨૭) માત (૨૮) રાવી.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૯૦ | ૧૭૪૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર સફેદ | ૩૪૬ | ૫૮૧ |
| જુવાર પીળી | ૨૭૧ | ૩૪૩ |
| બાજરી | ૩૪૦ | ૪૨૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૭૦ |
| ચણા પીળા | ૭૨૧ | ૯૬૦ |
| અડદ | ૯૨૦ | ૧૪૭૫ |
| મગ | ૧૦૫૦ | ૧૪૭૨ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૨૭૧ |
| વાલ પાપડી | ૧૪૮૦ | ૧૮૧૧ |
| ચોળી | ૮૨૫ | ૧૩૪૦ |
| મઠ | ૧૪૦૦ | ૧૪૭૦ |
| કળથી | ૬૪૧ | ૮૧૧ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૧૯૨ |
| તલી | ૧૯૦૦ | ૨૨૨૨ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૬૦ |
| અજમો | ૧૨૦૦ | ૨૧૧૫ |
| સુવા | ૬૩૫ | ૧૦૮૫ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૩૫૦ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૫૨૫ |
| કાળા તલ | ૧૯૭૦ | ૨૬૧૫ |
| લસણ | ૨૨૦ | ૪૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મરચા સુકા | ૧૨૦૦ | ૨૬૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૨૭૪૦ | ૩૦૩૦ |
| રાય | ૧૩૫૦ | ૧૬૪૮ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૯૫ |
| ઇસબગુલ | ૧૫૬૧ | ૨૨૭૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૫૦ |
| રજકાનુ બી | ૨૫૦૦ | ૪૦૦૦ |
| ગુવારનુ બી | ૧૧૦૦ | ૧૧૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૨૦ | ૪૬૦ |
| બટેટા | ૧૪૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૭૧ | ૪૨૫ |
| ટમેટા | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૪૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| કોથમરી | ૧૮૦ | ૩૭૦ |
| મુળા | ૨૨૦ | ૩૩૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૩૫૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૩૫૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૫૦ | ૬૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૨૦ | ૫૭૦ |
| ગાજર | ૨૫૦ | ૪૦૦ |
| વટાણા | ૬૫૦ | ૮૫૦ |
| તુવેરસીંગ | ૩૧૦ | ૫૨૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૨૦ | ૩૩૦ |
| વાલ | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૭૦ |
| આદુ | ૩૫૦ | ૫૫૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૪૫૦ |
| હળદર લીલી | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૧૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૬૦ | ૧૧૮૬ |
| શિંગ મોટી | ૯૫૮ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૧૧૬૦ | ૨૫૯૦ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૧૪૧ |
| બાજરો | ૨૮૦ | ૪૭૬ |
| જુવાર | ૩૩૧ | ૪૬૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૫૯ |
| ઘઉં લોકવન | ૩૮૪ | ૪૨૪ |
| અડદ | ૬૯૫ | ૧૩૧૪ |
| ચણા | ૬૬૫ | ૯૪૧ |
| કપાસ | ૮૦૦ | ૧૭૮૦ |
| જીરું | ૧૭૬૦ | ૩૧૦૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૧૧૮૦ | ૧૫૭૦ |
| મેથી | ૧૨૧૨ | ૧૨૬૯ |
| સોયાબીન | ૧૨૧૦ | ૧૩૨૮ |
| શિંગદાણા | ૧૦૭૫ | ૧૩૫૦ |
| ઈસબગુલ | ૧૩૦૦ | ૨૦૦ |
| મગ | ૭૩૦ | ૧૨૨૫ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૮૦ |
| કોબીઝ | ૨૩૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૩૦ |
| દુધી | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૫૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૫૦ | ૫૭૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાણાં | ૭૫૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૨૫૦ | ૪૩૦ |
| આદુ | ૫૫૦ | ૫૮૦ |
| કોથમીર | ૩૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૨૫૦ | ૩૫૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૫૦ | ૪૮૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૨૦૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૭૫૦ |
| ડુંગળી લીલી | ૧૬૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૦૦ |
| લસણ સુકુ | ૩૮૦ | ૫૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૩૦ |
| લીલી તુવેર | ૩૩૦ | ૪૩૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| વાલ | ૪૦૦ | ૪૫૦ |
| મકાઈ | ૩૫૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૭૦ | ૪૦૯ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૮૦ | ૪૩૭ |
| મગ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| મઠ | ૧૩૦૦ | ૧૩૯૫ |
| ચોળી | ૧૨૦૦ | ૧૨૫૫ |
| ચણા | ૭૩૦ | ૧૦૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૦૫૦ |
| એરન્ડા | ૯૦૦ | ૧૨૪૨ |
| તલી | ૨૦૮૦ | ૨૨૨૫ |
| તલ કાળા | ૨૦૭૫ | ૨૪૯૫ |
| લસણ | ૧૦૫ | ૫૫૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૬૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૩૦૪૫ |
| અજમો | ૧૪૩૦ | ૫૧૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૧૯૩૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૩૨૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૯૪૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૪૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૦૪ | ૪૩૮ |
| ઘઉંએન.પી.ટુકડા | ૪૦૬ | ૫૦૦ |
| કપાસ | ૧૧૧૧ | ૧૭૬૧ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૧૮૧ |
| સીંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૯૧ |
| એરંડા/એરંડી | ૧૦૭૧ | ૧૨૫૬ |
| તલ-તલી | ૧૮૦૦ | ૨૪૫૧ |
| જીરૂ | ૨૧૩૧ | ૨૧૮૧ |
| ધાણા | ૧૧૭૬ | ૧૬૧૬ |
| ધાણી | ૧૨૦૧ | ૧૬૨૧ |
| મરચાસુકો પટ્ટો | ૩૦૦ | ૨૯૦૧ |
| લસણ સુકુ | ૨૧૧ | ૫૪૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૪૧ |
| જુવાર | ૩૫૧ | ૪૮૧ |
| મકાઇ | ૩૪૧ | ૪૦૧ |
| મગ | ૮૦૧ | ૧૩૫૧ |
| ચણા | ૭૨૧ | ૯૩૬ |
| વાલ | ૬૦૧ | ૧૧૧૧ |
| અડદ | ૭૦૧ | ૧૪૯૧ |
| તુવેર | ૭૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૩૬ |
| રાય | ૧૫૭૧ | ૧૫૭૧ |


| | | |
|---|---|---|
| મેથી | ૧૨૪૧ | ૧૨૯૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૦૧ |
| ચોળા/ચોળી | ૯૦૧ | ૯૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૭૭૫ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી | ૧૦૦૫ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૨૧૭૫ |
| તલ કાળા | ૨૦૮૦ | ૨૪૨૦ |
| જીરૂ | ૨૧૬૫ | ૨૯૨૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-મઠડી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| શીંગ - મોટી | ૧૦૧૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૭૮૦ | ૨૨૧૫ |
| તલ કાળા | ૧૮૮૦ | ૨૫૧૧ |
| જીરૂ | ૨૫૧૦ | ૩૧૦૦ |
| કપાસ | ૧૩૩૦ | ૧૭૨૫ |
| ગોધમ લોકવન | ૩૮૮ | ૪૪૬ |
| ગોધમ ટુકડા | ૪૦૫ | ૪૬૦ |
| બાજરો | ૩૫૭ | ૪૭૧ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૩૬ |
| અડદ | ૯૦૦ | ૧૨૪૫ |
| ચણા | ૬૭૫ | ૧૦૦૦ |
| મેથી | ૧૨૫૦ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૩૦ |
| ચણા | ૮૦૦ | ૯૨૦ |
| અડદ | ૪૦૦ | ૧૨૩૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૨૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૨૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૨૮૭૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૧૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૭૭૭ |
| કોડી કપાસ | ૯૯૯ | ૧૩૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૪૭ |
| મગફળી | ૧૦૨૫ | ૧૦૮૦ |

| | | |
|---|---|---|
| **ધારી** | | |
| કપાસ | ૧૪૪૦ | ૧૭૦૦ |
| ચણા | ૭૭૦ | ૮૨૦ |
| મગફળી | ૯૬૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૧૩૩૫ | ૧૩૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૯૭૫ | ૧૧૮૧ |
| બાજરી હાઈબ્રીડ | ૨૫૦ | ૪૫૮ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૪૪૯ |
| અડદ | ૬૦૦ | ૧૩૯૫ |
| ચણા | ૫૦૦ | ૯૨૭ |
| સફેદ તેલ | ૧૫૫૦ | ૨૧૪૪ |
| કાળા તલ | ૧૫૦૦ | ૨૫૪૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૭૮ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૩૫ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૪૦ | ૫૨૦ |
| જુવાર | ૩૧૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૪૫૪ |
| મગ | ૧૭૦૦ | ૧૯૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૫૨૫ | ૯૫૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૦૨૨ |
| કપાસ | ૧૧૦૦ | ૧૭૨૫ |
| સોયાબીન | ૧૧૦૭ | ૧૧૧૧ |
| મઠ | ૧૩૫૮ | ૧૪૧૫ |
| **મહુવા** | | |
| શીંગ નં.૫ | ૧૦૦૦ | ૧૨૨૨ |
| શીંગ જી-૨૦ | ૭૪૫ | ૧૧૨૯ |
| જુવાર | ૨૫૦ | ૩૩૯ |
| બાજરી | ૩૧૧ | ૪૬૮ |
| મકાઇ | ૩૦૫ | ૩૦૫ |
| અડદ | ૯૯૯ | ૧૩૧૨ |
| દેશી મગ | ૧૮૫૦ | ૨૭૦૦ |
| ચણા | ૬૬૬ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૨૨૨ |
| તલ કાળા | ૧૩૮૦ | ૨૨૨૩ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ડુંગળી સફેદ | ૯૬ | ૫૭૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૪૪૪ |
| કપાસ | ૮૦૧ | ૧૭૫૧ |
| નાળીયેર | ૬૬૬ | ૧૬૯૫ |
| તુવેર | ૯૬૦ | ૯૬૦ |
| શીંગ મગડી | ૯૫૦ | ૧૨૨૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજ્યમાં આજે કોરોનાના નવા ૭૦ કેસ, એકપણ મોત નહિં : ૨૭ ડિસ્ચાર્જ કરાયા


ગાંધીનગર, તા.૯



રાજ્યમાં દિવાળીના તહેવાર અને લગ્નસરાની સિઝન બાદ કોરોના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આજે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાન ૭૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨૭ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૩ નવા કેસ નોંધાયા છે અને આજે કોરોનાથી એકપણ દર્દીનું મોત નિપજ્યું નથી. અગાઉ ૨૦ સપ્ટેમ્બરે પહેલી અને બીજી લહેરના સૌથી ઓછા ૮ કેસ નોંધાયા હતા. તેમજ રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૪ ટકા પર સ્થિર રહ્યો છે. રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં કોરોનાથી કુલ ૭ અને નવેમ્બરમાં ૫ દર્દીના મોત નોંધાયા છે. અગાઉ રાજ્યમાં ૧૬ સપ્ટેમ્બર સુધી સતત ૫૦ દિવસ સુધી ડબલ ડિજિટમાં ક્યાંય કેસ નોંધાયા ન હતા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ લાખ ૨૭ હજાર ૮૭૬ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦ હજાર ૯૫ છે. તેમજ અત્યાર સુધીમાં ૮ લાખ ૧૭ હજાર ૩૮૯ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૪૫૯ એક્ટિવ કેસ છે, જેમાંથી ૮ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે ૪૫૧ દર્દીની હાલત સ્થિર છે.

# શિયાળામાં લીલા શાકભાજીનાં ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓમાં દેકારો


(એ.આર.એલ) અમદાવાદ,તા.૯



શિયાળામાં લીલા શાકભાજી લોકો વધુ ખાતા હોય છે પરંતુ દર વર્ષની જેમ આ વખતે શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેની સિધ્ધી અસર મહિલાઓના બજેટ પર પડસે. જેમના લીધે મહિલાઓએ શાકભાજીના ભાવથી પરેશાન થતી જોવા મળે છે. આ ઉપરાંત શિયાળામાં પણ લીલા શાકભાજી મોંઘા થઈ ગયા હોવાથી વધારાનો ખર્ચ કરવો જ પડશે. મહત્વનુ છે કે હાલમાં પડેલા કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણના કારણે વાલોળ, લીલું લસણ, લીલી ડુંગળી ઉપરાંત શક્કરિયાં અને રતાળુ સહિતના સીઝનલ લીલા દરેક શાકભાજીની છૂટક કિંમત હાલમાં ૧૦૦થી ૧૨૦ રૂપિયા પ્રતિકિલોની વચ્ચે જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત નવેમ્બરના અંતમાં કમોસમી વરસાદ પહેલાના લગભગ એક અઠવાડિયા સુધી સતત વાદળછાયા વાતાવરણના કારણે શિયાળાની શાકભાજીની સારી માત્રામાં થયેલી લલણીમાં જીવાતોનો ઉપદ્રવ થયો હતો, જેના કારણે પાકને ઘણું નુકસાન થયું હતું. સીઝન દરમિયાન મર્યાદિત સપ્લાય અને વધારે માંગ સાથે, શિયાળામાં થતા લીલા શાકભાજી વધારે મોંઘા થઈ ગયા છે. હજી પણ ભાવ વધે તેવું જોવા મળી રહ્યું છે.

# રાજકોટમાં કારખાનામાં આગ, લાખોની મશીનરી બળીને ખાખ

રાજકોટ, તા.૯



રાજકોટનાં થોરાળા વિસ્તારમાં ૮૦ ફૂટ રોડ પર આવેલ રામનગર-પમાં રોહિત ફૂડ પ્રોડક્ટસ નામના કારખાનામાં સવારે આગ ભભૂકી ઉઠતાં લાખોની કિંમતની મશીનરી બળીને ખાખ થઈ હતી. આ અંગેની જાણ થતાં ફાયર બ્રિગેડ સહિતની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મુખ્ય પાવર સપ્લાય લાઈન બંધ કરી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ફાયરબ્રિગેડની ટીમે દસ લાખનો કાચો-પાકો માલ તથા બીજી મશીનરી બચાવી લીધી હતી. આગને કારણે કારખાનાના કર્મચારીઓમાં નાસભાગ મચી હતી. ઘટનાના પગલે લોકોના ટોળા એકત્ર થયા હતા. જોકે આ બનાવમાં કોઈ જાનહાનિ ન થતા ફાયરબ્રિગેડ સહિત તંત્રએ રાહત અનુભવી હતી.

# અમદાવાદમાં સાલ ગ્રૂપ, શાહ એલોયનાં ૧૨થી વધુ સ્થળો પર આઈટીના દરોડા

અમદાવાદ, તા.૯




અમદાવાદમાં બુધવારે વહેલી સવારે શહેરના સાલ ગ્રૂપ અને શાહ એલોય ગ્રૂપ કંપનીઝ પર મુંબઈના ઈન્કમટેક્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. કંપનીના ડિરેક્ટર રાજેન્દ્ર શાહ, તેમના પુત્ર કરણ શાહ અને કંપનીના અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પર ઈન્કમટેક્સ વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. ગુજરાતમાં શાહ એલોય, સાલ મેડિકલ કોલેજ, સાલ હોસ્પિટલ, સાલ સ્ટીલ, સાલ કોર્પોરેશન સહિતની તેમની ઓફિસો અને રહેઠાણ મળીને કુલ ૧૨થી વધારે જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. આ દરોડા દરમિયાન અધિકારીઓને મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારોના ડોક્યુમેન્ટ મળી આવ્યા છે. સર્ચ ઓપરેશનમાં અમદાવાદ અને મુંબઈની ૩૦થી વધારે જગ્યાઓને આવરી લેવામાં આવી છે.

# કચ્છમાં કોલ્ડ વેવ, સૌરાષ્ટ્રમાં આગામી ૨ થી ૩ દિવસ ઠંડી વધવાની શક્યતા

(એ.આર.એલ) ગાંધીનગર,તા.૯



રાજ્યમાં વેસ્ટર્ન ડીસ્ટર્બનના કારણે રાત્રી દરમિયાન ઠંડા અને સૂકા પવન ફૂંકાઈ રહ્યા છે. જેથી હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૪૮ કલાક કચ્છમાં કોલ્ડ વેવ રહેશે અને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં લઘુતમ તાપમાન ૨થી ૩ ડીગ્રી ઘટશે. લઘુતમ તાપમાન ઘટતા ઠંડીનો અહેસાસ થશે. હવામાન વિભાગનું અનુમાન છે કે આગામી ૨ થી ૩ દિવસ ઠંડીનું જોર વધશે અને ૩ દિવસ બાદ ફરી પવનની દિશા બદલાશે. અને તાપમાન ઊંચું નોંધાશે. જેના કારણે ઠંડીનો જોર ઘટી જશે.મહત્વપૂર્ણ છે કે વારંવાર પવનની દિશા બદલાય છે જેના કારણે તાપમાન પણ ફેરફાર થઈ રહ્યા છે જેની અસર કૃષિ પાક પર થઈ રહી છે.

# રાજકોટમાં સિટી બસની ટક્કરે પીએસઆઈનું મોત

(એ.આર.એલ) રાજકોટ,તા.૯

રાજકોટમાં સિટી બસની ટક્કરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પીએસઆઈનું નિધન થયું છે. ટક્કર લાગતા સ્કૂટર સવાર પીએસઆઇ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમણે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા એચએ અઘામ ગઈકાલે વિકઓફ હોવાથી કામ માટે બહાર નીકળ્યા અને અકસ્માતનો ભોગ બન્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, એચ.એ. અઘામ રાજકોટ પોલીસ વિભાગમાં હેડ ક્વાર્ટરમાં બેન્ડ પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે તેમનો વિક ઓફ હતો. તેથી તેઓ પોતાના સ્કૂટર પર એક ખાનગી કામ માટે નીકળ્યા હતા. તેઓ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ પર શીતલ પાર્ક ચોકથી ડાબી તરફ ટોઈંગ સ્ટેશન તરફથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલી સિટી બસે તેમને ટક્કર મારી હતી. પીએસઆઈના નિધનથી સહકર્મીઓમાં માતમ છવાયો હતો.

# લોધિકામાં ૬ માસના બાળકને સાથે રાખી આરોગ્યકર્મીએ રસીકરણની કામગીરી કરી

## અન્ય આરોગ્ય કર્મીઓ માટે પ્રેરણારૂપ કિસ્સો

રાજકોટ, તા. ૯



રાજકોટના લોધિકામાં આરોગ્ય કર્મી અસ્મિતાબેન કોલડીયાએ ફરજનિષ્ઠાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. તેણીએ પોતાના છ માસના બાળકને સાથે રાખી રસીકરણની કામગીરી કરી કોરોના સામેની જંગમાં અનોખું યોગદાન આપ્યું હતું. અસ્મિતાબેન રસી ન મુકાવનાર લોકોને વારંવાર સમજાવી રહ્યા છે અને રસી લેવાથી કોરોના સામે સુરક્ષિત રહેવાય છે તે અંગે સમજાવી રહ્યા છે. અસ્મિતાબેનને સંતાનમાં છ માસની દીકરી છે. દીકરીના ઉછેરની જવાબદારીની સાથે સાથે ફરજ પણ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે. અસ્મિતાબેન જેવા ફરજનિષ્ઠ આરોગ્ય કર્મચારીઓની કાર્યનિષ્ઠાથી જ કોરોનાની ત્રીજી લહેરનું આક્રમણ ખાળી શકાયું છે. અસ્મિતાબેને અન્ય આરોગ્ય કર્મચારીઓને પણ નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવવા પ્રેરણા પુરી પાડી છે.

# જામનગરમાં અભ્યાસ અંગે પુછતાં વિદ્યાર્થિનીનો આપઘાત

(એ.આર.એલ) જામનગર,તા.૯

જામનગરમાં ભાજપના ટોચના નેતાની પુત્રીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. આ દીકરી ધોરણ ૧૨ કોમર્સમાં ભણતી હતી અને નાપાસ થઈ હતી. નાપાસ થયેલી દીકરીને ભાજપના નેતાએ ' કેમ નાપાસ થઈ ?' એવું પૂછીને ઠપકો આપતાં પુત્રીએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં ચકચાર જાગી છે. મળતી વિગતો અનુસાર જામનગર શહેરમાં ગાંધીનગર મેઈન રોડ પર આવેલી ગોકુલધામ સોસાયટી-૪ માં જામનગર શહેર ભાજપના મહામંત્રી વિજયસિંહ જેઠવા રહે છે. વિજયસિંહ જેઠવાની ૧૭ વર્ષની પુત્રી પ્રતીક્ષાબાએ પોતાના ઘેર ગળાફાંસો ખાઇ લીધો હતો. પરિવારને જાણ થતાં તેને તાકીદે જી.જી.હોસ્પિટલ ખસેડાઇ હતી પણ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરતાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ કરૂણ બનાવની જાણ થતાં ભાજપના અગ્રણીઓ હોસ્પિટલે દોડી ગયા હતા.

# કોડીનાર-ઉના રોડ પર ફોરટ્રેક રોડની કામગીરી કાચબા ગતિએ

ડોળાસા, તા. ૯



તસ્વીર : અનિલ કાનાબાર

કોડીનાર-ઉના વચ્ચે બની રહેલ ફોરટ્રેક રોડનું કામ છેલ્લા છ વર્ષથી શરૂ છે. રોડની કામગીરી એટલી ધીમી ગતિએ ચાલી રહી છે કે રોડ બનતા હજુ છ વર્ષ લાગી જશે તેવું લાગી રહ્યાનું લોકો કહી રહ્યા છે. આ રોડ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવી રહ્યો છે પરંતુ કામગીરીની દેખરેખ કોણ રાખે છે તે અંગે લોકો અજાણ છે. રોડની કામગીરી લોલમલોલ ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે. આ પ્રશ્ન સાંસદ ભારતીબેન શિયાળ દ્વારા સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો તેમ છતાં કોઈ ફરક પડ્યો નથી. બીજી તરફ કોડીનારના ડોળાસામાં બની રહેલ ઓવરબ્રિજનું કામ અધૂરૂં છોડી દેવામાં આવ્યું છે. ત્યારે આ બંને કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી ડોળાસાના ભવસિંહભાઈ રાઠોડ દ્વારા માંગ કરવામાં આવી છે.

# સાડા ત્રણ કરોડના ખર્ચે બનેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર-ડોળાસાનું લોકાર્પણ ક્યારે?

ડોળાસા, તા. ૯




કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રૂ. ૩.૫૫ કરોડ જેવા જંગી ખર્ચે બનાવવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની હોસ્પિટલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયાને આજે ત્રણ વર્ષ જેટલો લાંબો સમય વીતિ જવા છતાં આજદિન સુધી હજુ હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું નથી, ત્યારે આ હોસ્પિટલને ક્યારે ખુલ્લી મુકવામાં આવશે? તેની ગરીબ દર્દીઓ રાહ જોઈ રહ્યા છે. ફક્ત ઉદ્‌ઘાટનના વાંકે આ અત્યાધુનિક હોસ્પિટલ ખંડેરની માફક પડી રહી છે. હોસ્પિટલના ઓટલા પર જ શ્વાનો સુતેલા જોવા મળે છે. દરવાજાની સામે જ પાર્કિંગ બની ગયું હોય તેમ વાહનો પાર્ક કરવામાં આવી રહ્યા છે. નવી બનેલી હોસ્પિટલ આ રીતે પડી રહી છે. હોસ્પિટલ શરૂ કરવામાં આવે તો ડોળાસા પંથકના ૪૦ જેટલા ગામોને સુવિધા મળી શકે તેમ છે, ત્યારે હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સુરતમાં મુસાફરો ભરેલી સિટી બસમાં આગ લાગતા અફરાતફરી

સુરત, તા.૯



સુરતમાં મુસાફરો ભરેલી સિટી બસમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. મળતી વિગતો મુજબ સુરતના પાંડેસરા ભીડભંજન પેટ્રોલ પમ્પની સામે સિટી બસમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી ગઇ હતી. એટલું જ નહીં પણ મુસાફરો ચાલુ બસમાંથી નીચે ઉતરવા મજબુર બન્યા હોવાનું સામે આવ્યુ છે. ધુમાડો દેખાતા જ ડ્રાઈવરે સમય સૂચકતાથી બસને રોડ સાઈડ પર દબાવી તમામ પેસેન્જરોને બહાર ઉતારી દીધા હતાં. બસમાંથી ધુમાડો નીકળતા જોઈએ પેટ્રોલ પમ્પના કર્મચારી ફાયર સેફ્ટીના બાટલા લઈ દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. બસમાં લગભગ ૧૫ મુસાફરો હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

# ગોંડલમાં રહેણાક મકાનનો રવેશ ધરાશાયી, કોઇ જાનહાનિ નહીં



ગોંડલ, તા. ૯

ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાં શેરી નં. ૨૦માં રહેતા કાંતિભાઇ પારેખના રહેણાક મકાનનો જર્જરિત રવેશ અચાનક ધરાશાયી થતા દોડધામ મચી હતી. સદ્‌નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, ત્યારે પરિવારે હાશકારો અનુભવ્યો હતો. જોકે, રવેશ તૂટી પડતા નીચે પડેલ રીક્ષામાં ભારે નુકસાન થયું હતું.

# ગત મંડળ મોવિયા દ્વારા બટુક ભોજન, ગરમ કપડાનું વિતરણ

ગોંડલ, તા. ૯



તસ્વીર : દેવાંગ ભોજાણી

ગોંડલ ખાતે રામદેવ ગત મંડળ દ્વારા બટુક ભોજન તથા જરૂરિયાતમંદોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રામદેવ ગત મંડળ મોવિયાના ઘનશ્યામબાપુ ગોંડલીયા દ્વારા શહેરમાં વસવાટ કરતા જરૂરિયાતમંદો માટે શિયાળા દરમિયાન આ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ગરીબ બાળકોને બટુક ભોજન કરાવી કોટ, સ્વેટર, ગરમ શુટ સહિત ગરમ કપડાનું વિતરણ કરાયું હતું. આ તકે રમાબેન દાવડા, લંડન યુકે દ્વારા રામાપીર પાઠનું આયોજન પણ કરાયું હતું.

# બિપિન રાવત હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ જીવતા હતા

રક્ષાકર્મીઓ સાથે હિન્દીમાં ધીમા અવાજે કરી હતી વાત

નવી દિલ્હી, તા.૯

તમિલનાડુમાં થયેલી હેલિકોપ્ટર દુર્ઘટનામાં જીવ ગુમાવનારા સીડીએસ જનરલ બિપિન રાવત હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ પણ જીવતા હોવાનું રિપોર્ટ્સમાં સામે આવી રહ્યું છે. જેમાં કહેવામાં આવી રહ્યું છે કે Mi-17V5ના કાટમાળમાંથી તેમને બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેમણે પોતાનું નામ પણ જણાવ્યું હતું. આ જાણકારી બચાવ કામગીરીમાં જોડાયેલા એક સભ્યએ જણાવી હોવાનું કહેવાઈ રહ્યું છે. જનરલ રાવત સાથે અન્ય હેલિકોપ્ટરમાં સવાર વ્યક્તિને પણ બહાર કાઢવામાં આવી હતી. જે ગ્રુપ કેપ્ટન વરુણ સિંહ હતાં. ગ્રુપ કેપ્ટન આ ઘટનામાં જીવતા બચેલા એકમાત્ર વ્યક્તિ છે. તેમની હજુ સારવાર ચાલી રહી છે. દુર્ઘટના પછી ઘટના સ્થળ પર પહોંચેલા વરિષ્ઠ ફાયરમેન અને બચાવકર્મી એનસી મુરલીએ જણાવ્યું કે અમે બે લોકોને જીવતા બહાર કાઢ્યા હતા. જેમાંથી એક સીડીએસ રાવત હતા. તેમણે રક્ષાકર્મીઓ સાથે હિન્દીમાં ધીમા અવાજે વાત કરી હતી અને પોતાનું નામ જણાવ્યું હતું. હોસ્પિટલ લઈ જતી વખતે તેમનું મોત થયું હતું.

## મૃતકોને લઈ જતી એમ્બ્યુલન્સને અકસ્માત

હેલિકોપ્ટર ક્રેશમાં નિધન પામનાર જનરલ બિપિન રાવત, તેમના પત્ની સહિતના ૧૩ લોકોના મૃતદેહને લઈને જઈ રહેલી એમ્બ્યુલન્સના કાફલા પૈકીની એક એમ્બ્યુલન્સને અકસ્માત નડયો છે. ગુરુવારે સવારે મૃતકોના પાર્થિવ શરીરને વેલિંગ્ટન આર્મી કોલેજ ખાતે લાવવામાં આવ્યા હતા.જ્યાંથી તેમને સુલુર એરબેઝ લઈ જવાઈ રહ્યા હતા.આ મૃતદેહોને લઈ જતી એમ્બ્યુલન્સના કાફલામાં સામેલ એક એમ્બ્યુલન્સ ચાલકે સ્ટિયરિંગ પરનુ બેલેન્સ ગુમાવતા એમ્બ્યુલન્સ પહાડી સાથે ટકરાઈ હતી. જોકે કોઈ જાનહાની થઈ નથી.

## ફ્લાઈટ ડેટા રેકોર્ડર-કોકપિટ વોઈસ રેકોર્ડર મળ્યા

તમિલનાડુમાં ગઈકાલે ક્રેશ થયેલા જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટરનું બ્લેક બોક્સ એરફોર્સના અધિકારીઓએ શોધી કાઢ્યું છે. Mi-17V5નાં ફ્લાઈટ ડેટા રેકોર્ડર અને કોકપિટ વોઈસ રેકોર્ડર આજે ક્રેશ સાઈટ પાસેથી મળી આવ્યા હતા. એક અધિકારીના જણાવ્યા અનુસાર, બ્લેક બોક્સ ક્રેશ સાઈટથી ૩૦૦ મીટર દૂર સર્ચ દરમિયાન મળી આવ્યું હતું. બ્લેક બોક્સ દ્વારા જ હેલિકોપ્ટર ક્રેશ થયું તે પહેલા શું બન્યું હતું તેનો તમામ ડેટા મેળવી શકાશે.

બિપિન રાવતના સ્થાને નવા સીડીએસને લઈને મથામણ

# સીડીએસ તરીકે લશ્કરી વડા નરવણેનું નામ સૌથી આગળ

નવી દિલ્હી, તા.૯



ભારતના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટર ક્રેશમાં થયેલા નિધન બાદ હવે તેમના ઉત્તરાધિકારી તરીકે કોની નિમણૂંક થશે તેના પર અટકળો શરુ થઈ છે.

પીએમ મોદીના નેતૃત્વમાં ગઈકાલે કેબિનેટ કમિટિ ઓફ સિક્યુરિટીની એક મહત્વની બેઠક મળી હતી.જેમાં નવા સીડીએસના નામ પર ચર્ચા થઈ હતી. કારણ કે ચીન સાથે ચાલી રહેલા ટકરાવ વચ્ચે આ મહત્વનુ પદ લાંબા સમય સુધી ખાલી રાખી શકાય તેમ નથી.

એવુ મનાઈ રહ્યુ છે કે, જે વરિષ્ઠ અધિકારીઓના નામની ચર્ચા થઈ છે તેમાં આર્મી ચીફ એમ એમ નરવણેનુ નામ સૌથી ઉપર છે.તેનુ એક કારણ એ છે કે, સેનાની ત્રણે પાંખના વડાઓમાં તેઓ સૌથી સિનિયર પણ છે. નરવણે આગામી વર્ષે એપ્રિલ મહિનામાં નિવૃત્ત થવાના છે.

# ગુજરાત રમખાણ : મોદીને મળેલી ક્લીનચિટ વિરુદ્ધ સુપ્રીમમાં અરજીનો ચૂકાદો અનામત

નવીદિલ્હી,તા.૯



૨૦૦૨ના ગુજરાત રમખાણોના કેસમાં રાજ્યના તત્કાલિન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્યોની ભૂમિકાને વિશેષ તપાસ ટીમ દ્વારા ક્લીન ચિટને પડકારતી ઝાકિયા જાફરીએ દાખલ કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ એએમ ખાનવિલકરની આગેવાની હેઠળની બેન્ચે ઝાકિયા જાફરી અને એસઆઈટીની દલીલોને ધ્યાનમાં લીધા બાદ આ મામલે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. હકીકતમાં, સુપ્રીમ કોર્ટ આ મામલામાં અરજીની યોગ્યતા પર નિર્ણય કરશે, કારણ કે અત્યાર સુધી ઝાકિયાની અરજી પર કોર્ટે નોટિસ પણ આપી નથી. જણાવી દઈએ કે ગુજરાત સરકાર વતી ઝાકિયા જાફરીની અરજી પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. ગુજરાત સરકાર વતી એવું કહેવામાં આવ્યું હતું કે ઝાકિયાની અરજી દ્વારા કાર્યકર્તા તિસ્તા સેતલવાડ મુદ્દાને ઉછાળવાનો પ્રયાસ કરી રહી છે. ગુજરાત સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતુ કે અરજદાર દ્વારા મોટું ષડયંત્ર છે.

# રાવતના મોતને લઈને એક્સપર્ટે લીધું ચીનનું નામ, ભડક્યું ડ્રેગનનું ગ્લોબલ ટાઈમ્સ !

નવીદિલ્હી,તા.૯

ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના નિધનથી સમગ્ર દેશ શોકમગ્ન છે. કુન્નુરમાં તેમના હેલિકોપ્ટર ક્રેશની ઘટનાને લઈને ઘણા વિશેષજ્ઞોએ આ ત્રાસદીભરી ઘટના પર પોત પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તો બીજી તરફ આ મામલામાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને હથિયાર નિયંત્રણના મુદ્દાઓના વિશેષજ્ઞ, ભૂ- રણનીતિકાર અને લેખક ચેલાનીના એક ટ્વિટના કારણે ચીનનું પ્રમુખ મીડિયા ભડકી ગયું છે. ડિફેન્સ એક્સપર્ટ્સે પોતાના ટ્વિટ્સ દ્વારા ચીનને ઘેરતા ચીનનું ગ્લોબસ ટાઈમ્સ ભારતીય લેખકના ટ્વિટ્સથી ભડક્યું છે. આ ઘટનાને લઈને મંથન શરૂ થઈ ગયું છે, તમને જણાવી દઈએ કે પ્રોફેસર ચેલાનીએ સીડીએસ રાવતના હેલિકોપ્ટર ક્રેશને લઈને સતત ટ્વિટ્સ કર્યા હતા.

## હેલિકોપ્ટર દુર્ઘટના મામલે લોકોના મનમાં શંકા : સંજય રાઉતે મોદી પાસે જવાબ માંગ્યો

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયાના એક દિવસ પછી શિવસેનાએ કહ્યું કે લોકોના મનમાં શંકા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આને દૂર કરવું જોઈએ. જો કે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. શિવસેનાના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે જનરલ ચીન અને પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહીની યોજનામાં સામેલ હતા. શિવસેનાના નેતાએ કહ્યું કે જો ગૃહમાં દુર્ઘટના પર ચર્ચાની મંજૂરી આપવામાં આવે તો તેઓ સંસદમાં રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા પર ચર્ચા કરવા માંગશે.

# મથુરાના શાહી ઈદગાહમાં કૃષ્ણની આરતીનું આયોજન


મથુરા,તા.૯

મથુરામાં પાછલા થોડા સમયથી વાતાવરણ સંવેદનશીલ બની ગયું છે. આ દરમિયાન અખિલ ભારત હિન્દુ મહાસભાએ જાહેરાત કરી છે કે, તેઓ ૧૦મી ડિસેમ્બરના રોજ મથુરાના શાહી ઈદગાહમાં ૧૦ મિનિટ સુધી ભગવાન કૃષ્ણની આરતી કરશે. આટલું જ નહીં, તેમણે ધમકી આપી છે કે જો પ્રશાસન તરફથી તેમને રોકવાનો પ્રયત્ન કરવામાં આવશે તો રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા હિન્દુ મહાસભાએ છઠ્ઠી ડિસેમ્બરના રોજ શાહી ઈદગાહમાં મૂર્તિ સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી. નોંધનીય છે કે છ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ અયોધ્યામાં બાબરી મસ્જિદ ધ્વસ્ત કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિક પ્રશાસન તરફથી મંજૂરી ન મળવાને કારણે મૂર્તિ સ્થાપિત કરવાના કાર્યક્રમને રદ કરવામાં આવ્યો હતો. ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ નવનીત સિંહે કહ્યું કે, શહેરની શાંતિ જળવાઈ રહે તે જરુરી છે.

# માંઝીએ નીતિશ કુમાર પાસે ૧,૦૦૦ કરોડ રૂપિયા માંગ્યા : ગઠબંધન છોડવાની ધમકી

પટણા,તા.૯






બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીએ મુખ્યમંત્રી નીતિશ કુમાર પાસે એક હજાર કરોડ રૂપિયાની માંગણી કરી છે. અને કહ્યું છે કે, જો તેમને આ પૈસા નહીં મળે તો તેઓ ગઠબંધન છોડી દેશે. માંઝીએ પોતાના વિસ્તારના વિકાસ માટે પૈસાની માંગણી કરી છે.માંઝીએ પોતાના વિસ્તારના વિકાસ માટે પૈસાની માંગણી કરી છે. જીતન રામ માંઝીનો હિન્દુસ્તાની અવમ મોરચાએ બિહારમાં સત્તારૂઢ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનનો સહયોગી છે. અને સરકારમાં સામેલ છે. જીતન રામ માંઝીએ મંગળવારે ગયા જિલ્લાના ઈમામગંજ બ્લોકમાં એક સભાને સંબોધિત કરતા આ વાત કહી. માંઝી આ વિસ્તારના ધારાસભ્ય પણ છે.

તેમણે કહ્યું કે, આ તેમની રાજનીતિની છેલ્લી ઈનિંગ છે. રાજનીતિ છોડતા પહેલા અમે અમારા વિસ્તારના વિકાસ માટે કરવા માંગીએ છીએ અને ઘણા વિકાસના કામો પણ કર્યા છે.અમે વધુ સંતુષ્ટ અને ખુશ રહીશું. માંઝીએ કહ્યું - અમે અમારા પુત્ર અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ મંત્રી સંતોષ કુમાર સુમનને રૂ.૧૦૦૦ કરોડનું સ્ટીમિટ બનાવવા કહ્યું છે, જેમાં વિસ્તારના વિકાસ માટે સેંકડો યોજનાઓનો સમાવેશ થાય છે.

# ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર ૩૧ જાન્યુઆરી સુધી પ્રતિબંધ

ઓમિક્રોનના ખતરાને ધ્યાને લઈ નિર્ણય લેવાયો



નવી દિલ્હી, તા. ૯

૧૫ ડિસેમ્બરથી ઈન્ટરનેશનલ કોમર્શિયલ ફ્લાઈટ્સની આ સેવાઓને ફરીથી શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. જોકે, ઓમિક્રોનના ખતરાને ધ્યાને રાખીને આ નિર્ણયને પરત લેવાયો છે. હજુ આ પ્રતિબંધ ૩૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધી લાગૂ રહેશે.

કેન્દ્રીય આરોગ્ય સચિવે પણ આજે ઓમિક્રોનને ધ્યાનમાં રાખીને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી હતી. આ દરમિયાન રસીકરણની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

# મ્યાનમારની સેનાએ ૧૧ની હત્યા કરીને સળગાવી દીધા

નેપ્યેડો, તા.૯

લોકશાહીના સમર્થકોને બંદૂકના બળે કચડી રહેલી મ્યાનમારની સેનાની તાનાશાહી વધી રહી છે. રિપોર્ટ પ્રમાણે આ વખતે મ્યાનમારની સેનાએ ગ્રામીણો પર કહેર વર્તાવ્યો છે. મ્યાનમારની સેનાએ ૧૧ ગ્રામીણોની ગોળી મારીને હત્યા કરી દીધી છે અને પુરાવાનો નાશ કરવા માટે શબને આગને હવાલે કરી દીધા હતા. મ્યાનમારની ઉત્તર-પશ્ચિમના સગાઈંગ ક્ષેત્રના ડોન તાવ ગામ ખાતે સળગાવાયેલા મૃતદેહોની તસવીરો અને એક વીડિયો મંગળવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો ત્યાર બાદ આ ઘટના સામે આવી હતી. આ વીડિયો ફુટેજ પુરૂષોને ગોળી મારીને સળગાવ્યા તેના થોડા સમય બાદ લેવામાં આવ્યા હતા. કથિત રીતે કેટલાક પીડિતો એ સમયે પણ જીવીત હતા જ્યારે વીડિયો લેવાઈ રહ્યો હતો. ગત ૦૧ ફેબ્રુઆરીના રોજ થયેલા સત્તાપલટા બાદ તે વિસ્તારમાં સૈન્ય શાસનના વિરોધીઓ દ્વારા સ્થાપિત જુંટાની સેના અને મિલિશિયા વચ્ચે ભયંકર લડાઈ જોવા મળી. સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તા સ્ટીફન દુજારિકે ૧૧ લોકોની ભીષણ હત્યાના રિપોર્ટ પર ગાઢ ચિંતા વ્યક્ત કરી અને આ પ્રકારની હિંસાની આકરી નિંદા કરી હતી.

# ૧ ઉથી ૧૭ ડિસેમ્બર સુધી પાવાગઢ મંદિર બંધ રહેશે

ગોધરા, તા.૯

કોરોના મહામારી બાદ અનેકવાર યાત્રાધામ પાવાગઢ મંદિર દર્શન માટે બંધ રાખવામા આવ્યુ છે. ત્યારે ડિસેમ્બર મહિનામાં વધુ ચાર દિવસ માટે મંદિર દર્શન માટે બંધ રહેશે તેવી ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરાઈ છે. આગામી ૧૩ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બર સુધી ભક્તો માટે દર્શન બંધ રાખવા મંદિર ટ્રસ્ટે નિર્ણય કર્યો છે. મંદિરના નિર્માણ કાર્ય દરમિયાન મંદિરના મહત્વના ભાગનું કામ કરવાનું હોવાથી મંદિર બંધ રહેશે. પાવાગઢ મંદિર કોરોનાની મહામારી વચ્ચે છેલ્લા લાંબા સમય સુધી શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવામાં આવ્યું હતુ. જોકે ત્યારબાદ સરકારની ગાઈડલાઈન મુજબ હાલ પાવાગઢ મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. પાવાગઢ મંદિર ખાતે હાલ દર્શનાર્થીઓની ભીડ વચ્ચે ફરીથી રિનોવેશનની કામગીરી હાથ ધરાઈ છે.

# વાયુસેનાના પ્રમુખે ક્રેશ સાઈટની મુલાકાત લીધી

(સં.સ.સે.)કુન્નુર, તા.૯

ભારતના પ્રથમ સીડીએસ જનરલ બિપિન રાવતનું બુધવારે તમિલનાડુના કુન્નૂર ખાતે હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાન થયું છે. આ દુર્ઘટનામાં તેમના પત્ની સહિત અન્ય ૧૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ભારતીય વાયુ સેનાના પ્રમુખ વી આર ચૌધરી ગુરૂવારે ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તેમણે દુર્ઘટના અંગેની જાણકારી મેળવી હતી. વાયુ સેનાના પ્રમુખ બુધવારે જ પાલમથી તમિલનાડુ માટે રવાના થઈ ગયા હતા. જનરલ બિપિન રાવત, તેમના પત્ની મધુલિકા અને અન્ય ૧૧ લોકોના પાર્થિવ શરીરને આજે તમિલનાડુથી દિલ્હી લાવવામાં આવશે. દુર્ઘટનાને નજરે નિહાળનારા કૃષ્ણ સ્વામી નામના એક શખ્સના કહેવા પ્રમાણે તેમણે હેલિકોપ્ટરને નીચે આવતા જોયું હતું. ખૂબ જોરદાર અવાજ આવ્યો હતો અને બાદમાં તે ઝાડ સાથે અથડાયું હતું અને તેમાં આગ લાગી ગઈ હતી. જમીન પર પડતાં પહેલા હેલિકોપ્ટર અન્ય એક મોટા ઝાડ સાથે પણ અથડાયું હતું અને બાદમાં આગ ફાટી નીકળી હતી.

# શાહી ઠાઠમાઠ સાથે વિકી કૌશલ સાથે કેટરીના કૈફના લગ્ન સંપન્ન

મુંબઈ.૯



વિકી કૌશલ તથા કેટરીના કૈફે આજે એટલે કે ૯ ડિસેમ્બરે લગ્ન કર્યાં હતાં. બંનેના પ્રી વેડિંગ ફંક્શન બે દિવસ ચાલ્યા હતા. લગ્નની એક ઝલક જોવા માટે ગામના લોકો મહેલની સામે આવેલા ઊંચા ખડક પર ભેગા થઈ ગયા હતા. બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન તથા આલિયા ભટ્ટ રાત સુધીમાં અહીંયા આવશે. અર્જુન કપૂર હોટલ આવી પહોંચ્યો હતો.

લગ્ન બાદ કેટરીના તથા વિકી કૌશલની પહેલી ઝલક જોવા મળી હતી. સો.મીડિયામાં આ બંનેની પહેલી ઝલકની તસવીરો વાઈરલ થઈ છે. કપલે ફેશન ડિઝાઈનર સબ્યસાચીના આઉટફિટ પહેર્યાં હતાં. દુલ્હન કેટરીના રેડ લહેંગમાં ઘણી જ સુંદર લાગતી હતી તો વરરાજા વિકી કૌશલ ગોલ્ડ તથા વ્હાઈટ શેરવાનીમાં હેન્ડસમ લાગતો હતો. બંને હાથમાં હાથ નાખીને જોવા મળ્યા હતા અને બંનેના ચહેરા પર લગ્નની અનેરી ચમક જોવા મળી હતી. લગ્નમાં માત્ર પરિવારના સભ્યો તથા નિકટના પરિવારજનો હાજર રહ્યાં હતાં. બપોરે ૧૨ વાગે લગ્નની વિધિ શરૂ થઈ હતી. વિન્ટેજ કારમાં મહેલની અંદર જાન કાઢવામાં આવી હતી.

# પ્રધાનમંત્રી આવાસ યોજના સ્કીમ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી

નવી દિલ્હી,તા.૯



કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણને ચાલુ રાખવાની મંજૂરી આપી છે, જે અંતર્ગત તેને માર્ચ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવ્યું છે. બેઠક બાદ પત્રકારોને આ માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આ અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી, જે અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં તમામ માટે આવાસ સુનિશ્ચિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૧૬માં ગ્રામીણ વિસ્તારોમાં તમામ માટે આવાસ અંગે, એવો અંદાજ હતો કે ૨.૯૫ કરોડ લોકોને પાકાં મકાનોની જરૂર પડશે. જેમાં મોટી સંખ્યામાં પરિવારોને આવાસ આપવામાં આવ્યા છે. ઠાકુરે કહ્યું કે આ યોજનાને ૨૦૨૪ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી બાકીના પરિવારોને પણ આવાસ મળી શકે. સરકારી નિવેદન મુજબ, આ યોજના હેઠળ બાકીના ૧.૫૫ કરોડ મકાનોના નિર્માણ માટે નાણાકીય અસર રૂ. ૨.૧૭ કરોડ થશે, જેમાં કેન્દ્રનો હિસ્સો રૂ. ૧.૨૫ લાખ કરોડ અને રાજ્યનો હિસ્સો રૂ. ૭૩,૪૭૫ કરોડ રહેશે.

# વિરાટ કોહલીની કેપ્ટનશીપ છોડવાની ઈચ્છા ન હતી, BCCI એ જબરદસ્તીથી છીનવી લીધી

બીસીસીઆઈએ કોહલીને કેપ્ટનશીપ છોડવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો



નવી દિલ્હી. તા. ૯

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટર રોહિત શર્માને હવે વનડે ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. વિરાટ કોહલીની જગ્યાએ તેને આ કમાન સોંપાઈ છે. વિરાટ કોહલીએ ટી૨૦ ફોર્મેટમાંથી પોતે જ કેપ્ટનશીપ છોડી હતી. જો કે આ બધા વચ્ચે એક મોટો ખુલાસો થયો છે. વિરાટ વનડે ટીમની કેપ્ટનશીપ છોડવા માંગતો નહતો. બીસીસીઆઈએ જબરદસ્તીથી કેપ્ટનશીપ છીનવી લીધી છે.

બીસીસીઆઈએ કોહલી વનડે ટીમની કેપ્ટનશીપથી હટે તે માટે છેલ્લા ૪૮ કલાક રાહ જોઈ પરંતુ એમ બન્યું નહીં. ત્યારબાદ ૪૯માં કલાકમાં કોહલી આ પદ ગુમાવી બેઠો અને રોહિત શર્માને મળી ગયું. એટલે કે એક રીતે કહીએ તો બીસીસીઆઈએ કોહલીને કેપ્ટનશીપ છોડવા માટે ૪૮ કલાકનો સમય પણ આપ્યો હતો. જો કે કોહલી અંગેનો બીસીસીઆઈના નિવેદનમાં કોઈ ઉલ્લેખ કરાયો નથી. નિવેદનમાં ફક્ત એમ કહેવાયું કે પસંદગી સમિતિએ આગળ વધવા દરમિયાન રોહિતને વનડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય ટીમોનો કેપ્ટન બનાવવાનો નિર્ણય લીધો છે.

બીસીસીઆઈ અને રાષ્ટ્રીય પસંદગી સમિતિએ કોહલીને કેપ્ટનશીપમાંથી હટાવી દીધો કારણ કે તેઓ ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ સુધી એક નવા કેપ્ટનને સેટ કરવા માંગે છે. જે પળે ભારત ટી૨૦ વર્લ્ડ કપના ગ્રુપ તબક્કામાંથી બહાર થયું કોહલીને કેપ્ટનશીપથી હટાવવાનું લગભગ નક્કી થઈ ગયું પરંતુ બીસીસીઆઈ અધિકારી છેલ્લા સાડા ૪ વર્ષથી ટીમના કેપ્ટનને સન્માનજનક રસ્તો આપવા માંગતા હતા.

## વિરાટ જેવો બેટર મળવો મુશ્કેલ, તે અત્યારે પણ ટીમ લીડર : રોહિત શર્મા

રોહિત શર્માને વિરાટ કોહલીના સ્થાને બુધવારે વનડે ટીમનો કેપ્ટન પસંદ કરાયો છે. આ દરમિયાન રોહિતને એક યૂટ્યૂબ ચેનલમાં કોહલી અંગે સવાલ કરાયો હતો. જેના જવાબમાં તેણે કહ્યું હતું કે વિરાટ અત્યારેપણ ટીમ લીડર છે. તેની હાજરી ટીમમાં અત્યંત આવશ્યક છે. વનડેમાં રોહિતે આની પહેલા પણ ઘણી મેચમાં કેપ્ટનશિપ કરી છે, ત્યારે ટીમે ૧૦ વનડેમાંથી ૮માં જીત મેળવી છે.

રોહિતે યૂટ્યૂબ ચેનલ બેક સ્ટેજ વિથ બોરિયાને કહ્યું હતું કે વિરાટ જેવો શાનદાર બેટર હંમેશા ટીમનો ભાગ હોવો જોઈએ. ટી૨૦માં ૫૦થી વધુ એવરેજ હોવી અવિશ્વસનીય છે. નિશ્ચિત રૂપે તેણે પોતાનો અનુભવ અને બેટિંગના સહારે ઘણી મેચમાં ભારતને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી જીત અપાવી છે.

## કોહલીએ ૭૦.૪૩% વનડે જીતી છતાં રોહિત કેપ્ટન શા માટે?

મુંબઈ,તા.૯

ભારતીય ક્રિકેટ ટીમ આગામી દક્ષિણ આફ્રિકાના પ્રવાસ માટે રોહિત શર્માને વનડે કેપ્ટન તરીકે પસંદ કર્યો છે.


વિરાટ કોહલીએ વનડે કેપ્ટન તરીકે ૯૫ મેચમાં કેપ્ટનશીપ કરી છે. આ ૯૫માંથી વિરાટ કોહલી ૬૫ મેચ જીત્યો છે અને ૨૭ મેચ હાર્યો છે. આમ વિરાટ કોહલીની જીતની ટકાવારી ૭૦.૪૩ ટકા છે. ભારત કોહલીના નેતૃત્વમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૭, અને વર્લ્ડકપ ૨૦૧૯ની સેમિફાઈલનમાં પહોંચ્યું હતું

વિરાટ કોહલીની ૭૦.૪૩ ટકા જીતની ટકાવારી હોવા છતાં રાહલુ દ્રવિડના કોચ બન્યા પછી તેને કેપ્ટનશીપમાંથી શા માટે હટાવી દેવામાં આવ્યો છે તેની પાછળનું કારણ આઈસીસી ટુર્નામેન્ટમાં તેની નિષ્ફળતાને જોવામાં આવે છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારત એક પણ ટ્રોફી ઘરે લાવી શક્યું નથી.આ સાથે જ ટીમ ઈન્ડિયાને નવા કોચ પણ મળ્યા છે. માનવામાં આવે છે કે સૌરવ ગાંગુલીના જીગરી એવા રાહુલ દ્રવિડનું શાંત ભેજું છે જ્યારે કોહલીનું તેજ દિમાગ છે. કોહલીની ચિતાની ચાલ સાથે દ્રવિડની લેન્થ મેચ ન થાય તો બંને વચ્ચે ગજગ્રાહ થાય અને આ સ્થિતિમાં ભારતીય ટીમની નુકસાન વેઠવું પડે.

# યુવરાજ સિંહે ફરીવાર મેદાનમાં વાપસી કરવાનો સંકેત આપ્યો

મુંબઈ,તા.૮

ભારતનાં પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે ફરી એકવાર મેદાનમાં વાપસી કરવાનો સંકેત આપ્યો છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરતી વખતે યુવીએ કહ્યું કે, હવે તેની બીજી ઈનિંગનો સમય આવી ગયો છે. યુવી સંકેત આપી રહ્યો છે કે, તે જલ્દી જ ફેન્સને મોટું સરપ્રાઈઝ આપવા જઈ રહ્યો છે. તેણે કહ્યું કે, આ સરપ્રાઈઝ મેળવવા માટે ચાહકોએ તેની સાથે સંપર્કમાં રહેવું પડશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ યુવરાજ સમગ્ર વિશ્વમાં ટી ૨૦ અને ટી૧૦ જેવી લીગમાં રમતા જોવા મળે છે.



યુવરાજે ટ્વિટર પર એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તેણે કહ્યું, ‘આ વર્ષનો તે સમય છે. તમે તૈયાર છો? શું તમારી પાસે આ માટે હિંમત છે? તમારા બધા લોકો માટે એક મોટું આશ્ચર્ય! મારી સાથે રહો!’ ૨૨ સેકન્ડની લાંબી ક્લિપમાં યુવરાજ ટેનિસ બોલથી રમતા જોવા મળે છે. ભૂતપૂર્વ કોચ અને કોમેન્ટેટર રવિ શાસ્ત્રીનો અવાજ વીડિયોનાં બેકગ્રાઉન્ડમાં સંભળાય છે, જે ૨૦૦૭ ટી૨૦ વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ સામેની ઓવરમાં સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં છ છક્કાનો છે. યુવરાજે અગાઉ ગયા મહિને નવેમ્બરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે તે લોકોની માંગ પર ફરીથી મેદાનમાં આવવા માટે તૈયાર છે. તેણે લખ્યું, ‘તમારી મંજિલ ભગવાન નક્કી કરે છે. હું જાહેર માંગ પર પીચ પર પાછો આવીશ, આશા છે કે ફેબ્રુઆરીમાં. અને આવી કોઈ લાગણી નથી. તમારા પ્રેમ અને શુભેચ્છાઓ બદલ આભાર.

# ઈજાથી સતત પરેશાન ક્રિકેટર હાર્દિક પંડ્યા સંન્યાસ લઈ શકે છે!

મુંબઈ,તા.૯

ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૧માં અત્યંત નબળા પ્રદર્શન પછી ટીમ ઈન્ડિયાથી બહાર ચાલી રહેલા ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા સંન્યાસ લે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. રીપોર્ટસ અનુસાર હાર્દિક પંડ્યા કમરની ઈજાથી સતત પરેશાન છે. તેઓ પોતાની કારકીર્દી આગળ ધપાવવા માટે ક્રિકેટના કોઈપણ એક ફોર્મેટને છોડી શકે છે. સૂત્રો અનુસાર ટેસ્ટ ફોર્મેટમાંથી સંન્યાસ લે તેવું સામે આવી રહ્યું છે.

બીસીસીઆઈના સૂત્રોએ જાણકારી આપી હતી કે હાર્દિક પંડ્યા વનડે અને ટી-૨૦ ક્રિકેટમાં રમવા માટે ટેસ્ટને અલવિદા કહી શકે છે, તમને જણાવી દઈએ કે હાર્દિક પંડ્યાને વર્ષમાં ૨૦૧૯માં કમરમાં ઈજા થઈ હતી, ત્યાર પછી તેની સર્જરી પણ થઈ હતી. ત્યાર પછી પંડ્યા પહેલા જેવી બોલિંગ નથી કરી રહ્યો, જેનો ભોગ હાર્દિકને જ બનવો પડી રહ્યો છે.

બીસીસીઆઈના અધિકારીઓના જણાવ્યા મુજબ હાર્દિક પંડ્યા તેની ઈજા સામે ઝઝૂમી રહ્યો છે અને તે ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા અંગે વિચારી રહ્યો છે, જોકે તેણે હજુ સુધી આ અંગે બોર્ડને સત્તાવાર રીતે જાણ કરી નથી.


કોઈપણ રીતે, હાર્દિક પંડ્યા હજુ સુધી ટીમ ઈન્ડિયાના ટેસ્ટ પ્લાનનો ભાગ નથી. જો કે, તેની નિવૃત્તિ ટીમ ઈન્ડિયા માટે એક મોટો આંચકો હશે.

# કેનેડાની પણ વિન્ટર ઓલિમ્પિકનો રાજદ્વારી બહિષ્કાર કરવાની જાહેરાત

બેઈજિંગ,તા.૯

બેઈજિંગમાં ૨૦૨૨ વિન્ટર ઓલિમ્પિક પહેલા ચીનને વધુ એક આંચકો લાગ્યો છે. અમેરિકા અને ઓસ્ટ્રેલિયા બાદ કેનેડાએ પણ ચીનની રાજધાની બેઈજિંગમાં યોજાનારી વિન્ટર ઓલિમ્પિક ગેમ્સનો રાજદ્વારી બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડોએ તેમના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પરથી આ માહિતી આપી હતી.

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડોએ કહ્યું કે કેનેડા ચીનમાં સતત થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનને લઈને ખૂબ જ ચિંતિત છે. વિરોધમાં, અમે બેઈજિંગમાં




યોજાનારી વિન્ટર ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સમાં કોઈ રાજદ્વારી પ્રતિનિધિને મોકલીશું નહીં. જસ્ટિન ટૂડોએ વધુમાં કહ્યું કે અમે ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેનારા અમારા ખેલાડીઓને સંપૂર્ણ સમર્થન આપીશું.

કેનેડા પહેલા ઓસ્ટ્રેલિયા અને તે પહેલા અમેરિકાએ પણ બેઈજિંગમાં યોજાનારી વિન્ટર ઓલિમ્પિકનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. તેની પાછળ ચીનના શિનજિયાંગ પ્રાંતમાં ઉઈગુર મુસ્લિમો પર અત્યાચાર અને અન્ય ઘણા માનવાધિકાર ઉલ્લંઘનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બંને દેશોએ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા તેમના એથ્લેટ્સને સમર્થન આપ્યું છે, પરંતુ તેમના કોઈ રાજદ્વારીને નહીં મોકલવાનો નિર્ણય લીધો છે.

યુએસ, ઓસ્ટ્રેલિયા અને કેનેડા ઉપરાંત યુકે પણ ગેમ્સનો બહિષ્કાર કરવાનું વિચારી શકે છે. આ દેશોના પગલાને તેમના ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેતા અટકાવ્યા વિના વિશ્વ મંચ પર ચીનને મજબૂત સંદેશ મોકલવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

# ‘બિગ બોસ’માં ફરીથી થશે વિશાલ કોટિયનની એન્ટ્રી ?



અકબર કા બાલ બિરબલ એક્ટર વિશાલ કોટિયન, કે જે છેલ્લે બિગ બોસ ૧૫માં કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળ્યો હતો, તે થોડા દિવસ પહેલા એલિમિનેટ થયો હતો. શોમાંથી બહાર થવાના કારણે એક્ટર નિરાશ થયો હતો અને ઘણા લોકોએ તેના એલિમિનેશન પર આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. તો શું વિશાલ બિગ બોસના ઘરમાં ફરીથી એન્ટ્રી કરશે ? તેવી અફવા ઉડી રહી છે. આ વિશે વિશાલે કહ્યુ હતું કે સૌથી પહેલા તો હું દર્શકો દ્વારા એલિમિનેટ થયો નહોતો. હું ઘરવાળા દ્વારા એલિમિનેટ થયો હતો. તેથી હું શોમાંથી બહાર થાઉ તેમ લોકો ઈચ્છતા નહોતા. અને હું ફરીથી શોમાં એન્ટ્રી કરવાનો છું કે કેમ તેના વિશે મને જાણ નથી. મારી મેકર્સ સાથે વાતચીત ચાલી રહી છે અને હજી સુધી કંઈ નક્કી થયું નથી. પરંતુ હાલ હું કોઈ પ્રોજેક્ટ લઈ રહ્યો નથી. એક્ટરને ઘણા એક્સ-કન્ટેસ્ટન્ટ્સ તરફથી સપોર્ટ મળ્યો હતો અને તે તેનાથી ખુશ છે. આ અંગે વાતચીત કરતાં તેણે કહ્યું હતું કે ’મને સારુ લાગી રહ્યું છે કે, ડેલનાઝ ઈરાની તેમજ કાશ્મીરા શાહ સહિતના બિગ બોસના એક્સ-કન્ટેસન્ટ્સ મને સપોર્ટ કરી રહ્યા હતા. મને શો હોસ્ટ કરવાની તક મળે તેવી આશા રાખુ છું.

# ઉર્વશી રૌતેલા ઈઝરાયલના ઈલિયટમાં મિસ યુનિવર્સના પેજન્ટમાં ભારતને રિપ્રેઝન્ટ કરશે



ઉર્વશી રૌતેલા ઈઝરાયલના ઈલિયટમાં મિસ યુનિવર્સ ૨૦૨૧માં ભારતને રિપ્રેઝન્ટ કરવાની છે. ઉર્વશીએ સોશ્યલ મીડિયા પર શેર કરીને આ વાતની જાણકારી આપી હતી. ઉર્વશીએ કહ્યુ હતુ કે, ઈઝરાયલમાં ઈલિયટમાં યૂનિવર્સ ૨૦૨૧નોહિસ્સો બનીને હું સમ્માન અનુભવી રહી છું. હું આ મહાન ળેશ્વિક મંચ પર દરેકની સાથે આ મહત્વપૂર્ણ અવસરનો અનુભવ લેવા માટે ઉત્સાહિત છું. ઉર્વશી એકબિગ બજેટ સાયન્સ-ફિકશન તમિલ ફિલ્મમાં પણ કામ કરવાની છે. આ ફિલ્મ દ્વારા તે તમિલ મનોરંજન ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરશે. જેમાં તે એક માઈક્રોબાયોલોજિસ્ટ અને એક આઈ આઈટીયનની ભૂમિકા નિભાવશે. આ ઉપરાંત તે એક વેબ સીરીઝમાં પણ જોવા મળવાની છે.

# કેટરિના-વિકી હનીમૂન માટે માલદીવ જાય તેવી શક્યતા

કેટરિના કૈફ અને વિકી કૌશલ બોલિવૂડના એવા કપલ છે, જેમના લગ્ન ફેન્સ ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા. અત્યારે આ લખાઈ રહ્યું છે ત્યારે સવાઈ માધોપુરના સિક્સ સેન્સ ફોર્ટમાં લગ્ન પહેલાની તમામ વિધિઓ થઈ રહી છે. હાલમાં જ બંનેના હનીમૂનને લઈને એવા સમાચાર આવ્યા હતા કે, આ બંને અત્યારે હનીમૂન પર નહીં જાય, પરંતુ હવે તેમના હનીમૂનને લઈને એક નવું અપડેટ સામે આવ્યું છે. આજે ૭ ફેરા લઈને મિસ કેટરિના કૈફ જલ્દી જ મિસિસ વિકી કૌશલ બનશે. લગ્ન બાદ બંને પોતાનું હનીમૂન સ્પેશિયલ સેલિબ્રેટ કરવા જઈ રહ્યા છે. પિંકવિલાના એક સમાચાર કેટરીના બંને તેમના હનીમૂન માટે માલદીવ જશે. રિપોર્ટ અનુસાર લગ્ન મળીને તેમનું હનીમૂન ડેસ્ટિનેશન પસંદ કર્યુ છે. હનીમૂન પર જતાં પહેલાં, પાર્ટીનું આયોજન કરશે. જો કે હજુ સુધી કોઈ તારીખ જાહેર કરવામાં આવી થશે, જેમને વિકી અને કેટરીના લગ્નમાં આમંત્રણ આપી શક્યા નથી. વિકી અને



માટે

હનીમૂન પર જતાં પહેલાં બંને મુંબઈમાં હોટેલ તાજ લેન્ડ્સ એન્ડમાં ઉદ્યોગના મિત્રો માટે રિસેપ્શનનું આયોજન કરશે

અનુસાર, બંને લગ્ન પછી હનીમૂન પર જશે. શાહી લગ્ન પછી, વિકી અને બાદ કપલ થોડા સમય માટે કામથી દૂર વેકેશન એન્જોય કરશે. બંનેએ સાથે બંને મુંબઈમાં હોટેલ તાજ લેન્ડ્સ એન્ડમાં ઉદ્યોગના મિત્રો માટે રિસેપ્શન નથી. એવું માનવામાં આવે છે કે, રિસેપ્શનમાં ઈન્ડસ્ટ્રીના તે બધા લોકો સામેલ કેટરીનાના લગ્નમાં માત્ર ૧૨૦ લોકો જ આવવાના છે. વિકી કૌશલ અને કેટરિના કૈફ બંને તેમના આગામી પ્રોજેક્ટમાં ખૂબ જ વ્યસ્ત છે. આ પછી પણ નવવિવાહિત કપલ કામમાંથી થોડો સમય રજા લઈને માલદીવ જશે.


# આઈલેન્ડની માલિક છે જેકલીન ફર્નાન્ડીઝ



વિકી કૌશલ અને કેટરિના કૈફના લગ્ન બાદ જેકલીન ફર્નાન્ડીઝની ચર્ચા થઈ રહી છે. અભિનેત્રીને તાજેતરમાં ડિરેક્ટોરેટ ઓફ રિફલેક્શન દ્વારા એરપોર્ટ પરથી અટકાયતમાં લેવામાં આવી હતી. જોકે પૂછપરછ બાદ તેને છોડી મુકવામાં આવી હતો. ઈડીએ તેને ફરીથી હાજર થવા માટે સમન્સ જારી કર્યું છે. મની લોન્ડરિંગ કેસમાં ઈડી જેકલીનની પૂછપરછ કરી રહી છે. આવી સ્થિતિમાં અમે તમને જેકલીનની નેટવર્થ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. જેકલીન ફર્નાન્ડીઝ બોલિવૂડની ટોચની અભિનેત્રીઓમાં ગણવામાં આવે છે. તે શ્રીલંકાની છે અને તે શ્રીલંકામાં ટાપુની માલિક છે. જેકલીન ફર્નાન્ડીઝ સલમાન ખાનની ખૂબ જ નજીકની મિત્ર છે. ફિલ્મો ઉપરાંત, તે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ અને ઈવેન્ટ્સમાંથી પણ કમાણી કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જેકલીન ફર્નાન્ડીઝની કુલ પ્રોપર્ટી ૧૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૭૫ કરોડ રૂપિયા છે. જેકલીન ફર્નાન્ડીઝ ફિલ્મો, બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને મોડલિંગ દ્વારા ઘણી કમાણી કરે છે. તેમની વાર્ષિક આવક ૮ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૧૯માં, ફોર્બ્સ ઈન્ડિયાએ જેકલીન ફર્નાન્ડીઝની વાર્ષિક નેટવર્થ રૂ. ૯.૫૦ કરોડની નોંધ કરી હતી. ઈડીએ તિહાર જેલમાંથી રૂ. ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં કથિત છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર, તેની પત્ની અભિનેત્રી લીના મારિયા પોલ અને અન્ય છ લોકો સામે ૭,૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં તપાસ એજન્સીએ કહ્યું કે સુકેશ ચંદ્રશેખરે અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝને ૧૦ કરોડ રૂપિયાની ભેટ આપી છે, જેમાં ૫૨ લાખની કિંમતનો ઘોડો અને ૯ લાખની પર્શિયન બિલાડીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# લાગતું હતું કે જાણે મરી જઈશ : સામંથા

મને પોતાની જાત પર ગર્વ છે કારણ કે મને ક્યારેય ખબર નહતી કે હું આટલી મજબૂત છું



અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ આખરે અક્કિનેની નાગા ચૈતન્યા સાથેના પોતાના છૂટાછેડા અને પોતાના માનસિક સ્વાસ્થ્ય પર પડનારી અસર અંગે ખુલીને વાત કરી. થોડા સમય પહેલા જ ટોલીવુડની જાણીતી જોડી નાગા ચૈતન્યા અને સામંથાએ ડિવોર્સની જાહેરાત કરી તો ચાહકોને આઘાત લાગી ગયો હતો. તેમના ફેન્સમાં નિરાશા છવાઈ ગઈ હતી. જ્યારથી ’માજિલી’ ની અભિનેત્રીએ નાગા ચૈતન્યથી અલગ થવાની જાહેરાત કરી છે ત્યારથી તે આ મુદ્દે ચૂપ છે. સામંથાએ કહ્યું કે તેને લાગતું હતું કે તે તૂટી જશે અને મરી જશે. પરંતુ જેમ કે તેણે મહેસૂસ કર્યું કે તે પોતાનું જીવન જીવવા જઈ રહી છે. તમામ મુદ્દાઓ સાથે, તે આટલી મજબૂત મહિલા હોવા બદલ તે પોતાને બિરદાવે છે. શકુંતલમની અભિનેત્રીએ કહ્યું કે હું ક્યારેય જાણતી નહતી કે હું આમાંથી બહાર નીકળી શકુ છું, મને પોતાની જાત પર ગર્વ છે કારણ કે મને ક્યારેય ખબર નહતી કે હું આટલી મજબૂત છું. સામંથાએ એવો પણ ઉલ્લેખ કર્યો કે ચૈતન્ય સાથેના તેના છૂટાછેડાએ તેના માનસિક સ્વાસ્થ્ય પર ભારે અસર કરી, પરંતુ તેમાંથી બહાર આવવા માટે તેણે અનેક ઉપાયો અજમાવ્યા. સામંથા જલદી બે બહુભાષી પ્રોજેક્ટ્સ પર કામ કરશે જેમાંથી એકનું ટાઈટલ ’યશોદા’ છે. આ સાથે જ સામંથાએ વચન આપ્યું છે કે તે ફક્ત પોતાની મહેનતથી પોતાના ટીકાકારોના મોઢા બંધ કરશે બીજુ કઈ નહીં. અત્રે જણાવવાનું કે સામંથાએ એક ઈન્ટરવ્યુ દરમિયાન કહેલી વાતે ખુબ ચર્ચા જગાવી હતી. તે વખતે ઈન્ટરવ્યુમાં તેને સવાલ પૂછાયો હતો કે તેના માટે ખાવાનું મહત્વનું છે કે સેક્સ? પહેલા તો સામંથાએ આ સવાલને ટાળવાનો પ્રયત્ન કર્યો અને જવાબ આપવાની ના પાડી પરંતુ પછી તેણે સેક્સને ખાવાના કરતા વધુ મહત્વ આપ્યું હતું.

# રેસિડેન્ટ તબીબોની હડતાળ સ્થગિત સરકારની પગાર વધારાની જાહેરાત

## હડતાળ યથાવત હોવાનું જણાવતા કેટલાક યુનિયનો

ગાંધીનગર, તા. ૯

અનેકવાર રાજ્ય સરકારને રજૂઆત કરી હોવા છતા તબીબોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવતું ન હોવાથી રેસિડેન્ટ તબીબોએ ફરી હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. ફરી શરૂ થયેલ હડતાળનો આજે ચોથો દિવસ હતો. ત્યારે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરતાં કહ્યું છે કે , જુનિયર તબીબોને ૬૩ હજાર પગાર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મેડિકલ ઓફિસર જેટલો



જ પગાર જુનિયર તબીબોને આપવાના નિર્ણય બાદ હડતાળનો અંત આવી શકે છે. ઉપરોક્ત પગાર વધારો શરતોને આધીન આપવામાં આવશે.

જોકે આરોગ્ય મંત્રીએ કહ્યું- હડતાળ સમેટાઈ, જ્યારે ડોક્ટરોએ કહ્યું- અમારી હડતાળ યથાવત રહેશે. જુનિયર તબીબો 'વી આર હ્યુમન્સ, નોટ રોબોટ્સ' ના લખાણવાળા પોસ્ટર સાથે વિરોધ નોંધાવી રહ્યા હતા કારણ કે કામનું ભારણ ખૂબ જ વધુ હતું ત્યારે સરકારે એ પણ જાહેરાત કરી છે કે અત્યાર સુધી ૩ હજાર નર્સની ભરતી કરવામાં આવી છે.

નીટની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને ૫૦%ની મર્યાદામાં ફરજ પર લઈ શકાશે, પીજી એડમીશન પૂર્ણ થાય ત્યાં સુધી ૫૦%ની મર્યાદામાં ફરજ પર લઈ શકાશે તેવી જાહેરાત પણ આરોગ્ય મંત્રીએ કરી હતી.

ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે નવતર પ્રયોગ

# રેસિડેન્શિયલ સ્કૂલમાં ૧ લાખ વિદ્યાર્થીઓને મફત ભણાવાશે

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં શિક્ષણ વિભાગ બાળકોના શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા નવતર પ્રયોગ કરવા જઈ રહ્યું છે. સરકાર રાજ્યભરમાં ૫૦ જેટલી રેસિડેન્શિયલ શાળાને ચાલુ કરશે. આ શાળા ડિસેમ્બર માસના અંત સુધીમાં ચાલુ થશે. જેમાં ધોરણ એકથી પાંચના



માત્ર ટોપર્સ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. રેસિડેન્શિયલ સ્કૂલમાં દર વર્ષે ૧૫ હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. કુલ ૧ લાખ વિદ્યાર્થીઓને તક મળશે અને કુલ ૫૦ શાળાઓમાં એક લાખ વિદ્યાર્થીઓને સરકાર મફત ભણાવશે. સરકાર એક વિદ્યાર્થી દીઠ ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ કરશે. આ પ્રકારનો પ્રયોગ ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતમાં કરવામાં આવી રહ્યો છે.

# બિપીન રાવત અંગે વિવાદીત પોસ્ટ કરનારને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરેલીથી ઝડપ્યો

અમરેલી, તા. ૯

ભારતના પ્રથમ સીડીએસ બિપીન રાવત સહિત ૧૩ લોકોના હેલિકોપ્ટર દુર્ઘટનામાં થયેલ મોત બાદ સોશિયલ મીડિયા પર અભદ્ર પોસ્ટ કરનાર અમરેલીના રાજુલા તાલુકાના ભેરાઈના શખ્સને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. ભેરાઈ ગામના શિવા આહિર નામના શખ્સે પોતાના ફેસબુક એકાઉન્ટ પર બિપીન રાવતના નિધનને લઈને વિવાદીત ટિપ્પણી કરી હતી. આ પોસ્ટ બાદ અમદાવાદ



ક્રાઈમ બ્રાન્ચે ચક્રો ગતિમાન કરી ભેરાઈ આવી શિવા આહિરની અટકાયત કરી હતી. તેની સામે ફરિયાદ નોંધી વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી હતી.

અમદાવાદ સાયબર ક્રાઈમના ડીસીપી અમિત વસાવાના જણાવ્યા પ્રમાણે શિવા આહિર માત્ર બિપીન રાવત જ નહીં પણ સમાજમાં સંઘર્ષ થાય તેવા લખાણો પણ લખતો હતો. હાલમાં તેની પૂછપરછ હાથ ધરાઈ છે.

# કાર-ટ્રક વચ્ચે અકસ્માતમાં ૩ મહિલાના મોત

ભુજ,તા.૯

ભૂજમાં માનકૂવા પાસે એક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ મહિલાઓનું ઘટનાસ્થળે મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઇ ગઇ હતી અને ભારાસર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મહિલાઓ ભારાસરથી સુખપર ગામે શાકોત્સવ પ્રસંગમાં હાજરી આપી પરત ભારાસર આવતી હતી ત્યારે અકસ્માત સર્જાયો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. કાર અને ટ્રક વચ્ચે ટક્કર થતા સર્જાયેલા આ જીવલેણ અકસ્માતમાં યોગી ફઈ સહિત ત્રણ મહિલાઓના મોત થયા છે તેમજ એક મહિલાને ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા હોવાનું જણાવી તપાસ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે .કાર અને ટ્રક વચ્ચે સામ-સામે ટક્કર થતાં સાંખ્યયોગી પ્રેમીલાબેન નારણભાઈ વરસાણી (ઉ.વ. ૪૫) તેમજ સત્સંગી મહિલાઓ સવિતાબેન કીર્તિભાઈ હિરાણી (ઉ.વ. ૪૫) અને શિલુબેન ચંદેશભાઈ વરસાણી (ઉ.વ. ૨૫)ના ગંભીર ઈજાના કારણે ઘટનાસ્થળ પર મોત નિપજ્યાં હતા તેમજ ગાડીના ચાલક રસીલાબેન (ઉ.૫૦)ને ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચતા લેઉવા પટેલ હોસ્પિટલમાં લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

### દહેગામ નજીક વડોદરા પાસે ગમખ્વાર અકસ્માત, બે યુવકોના ઘટનાસ્થળે મોત

દહેગામ નજીક વડોદરા ગામ પાસે એક્ટિવા પર જઇ રહેલા ત્રણ યુવકોને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જેમાં બે યુવકોના ઘટનાસ્થળે મોત થયા હતા. જ્યારે અન્ય એકને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. રાત્રે યુવકો એક્ટિવા પર નરોડા તરફ જઇ રહ્યા હતા, તે દરમિયાન વડોદરા ગામ નજીક ટ્રકે અડફેટે લીધા હતા. અકસ્માતમાં જેનો જન્મદિવસ હતો તે મયૂર મોહનભાઇ લાખાણી તેમજ નીલ ઉર્ફે રવિ ગૌતમભાઇ અમીનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ સમગ્ર દહેગામમાં ગમગીનીનો માહોલ પ્રસરી જવા પામ્યો છે.

# વડોદરામાં આઠ વર્ષ પહેલા થયેલી હત્યામાં આઠને આજીવન કેદ

વડોદરા,તા.૯

વડોદરાના ગોત્રી વિસ્તારમાં આઠ વર્ષ પહેલા યુવક પર તીક્ષ્ણ હથિયારથી જાન લેવા હુમલો કરી ઘાતકી હત્યા નિપજાવવાના બનાવમાં સંડોવાયેલા આઠ આરોપીને ન્યાયાધીશે આજીવન કેદની સજાનો આદેશ કર્યો છે.

આજથી ૮ વર્ષ પહેલા વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા લતેશ જાદવ અને મુકેશ ડોડીયા વચ્ચે નજીવી બાબતમાં થયેલા ઝઘડામાં સમાધાન પણ થયું હતું. પરંતુ તા.૩૦ નવે. ૨૦૧૩ના લતેશ જાદવ અને તેના મિત્રો નાસ્તો કરવા માટે જઇ રહ્યાં હતા ત્યારે અગાઉના ઝઘડાની અદાવતથી રોષે ભરાયેલા આરોપી રાજને લતેશને બુમ પાડી બોલાવતાં લતેશ રસ્તો ઓળંગી સામે જતા, કેટલાક શખ્સો જેમાં સતિષ ઉર્ફે બોકલ ભીખાભાઇ પઢીયાર સહિતનાએ હુમલો કરતાં લતેશને ગંભીર ઈજાઓ થઇ હતી. સશસ્ત્ર મારામારીમાં લતેશને છોડાવવા માટે વચ્ચે પડેલા શૈલેષ અને સુનીલ પણ ઈજાગ્રસ્ત થયા હતા. મારામારીમાં ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પોલીસે આ બનાવ અંગે હત્યાનો ગુનો દાખલ કરી આઠ આરોપીની ધરપકડ કરી હતી.

વડોદરામાં આઠ વર્ષ પહેલા ચકચારી બનેલા આ હત્યા કેસમાં આરોપી સતિષ ઉર્ફે બોકલ પઢીયાર સહિતના તમામ આઠ આરોપીને આજીવન કેદની સજાનો આદેશ કરાયો છે. ઉપરાંત, મૃતકના પરિવારને રૂપિયા ૫૦ હજારનું વળતર ચુકવવા પણ આદેશ કરાયો છે.

# મામેરાની વિધિમાં વ્યસ્ત હતો પરિવાર, અને તિજોરીમાંથી ૪૦ તોલા સોનુ ગાયબ

વલસાડ,તા.૯

વલસાડના પારનેરા ગામે ચોરીની ઘટના બની હતી. ગામના નીતિનભાઈ રણછોડભાઈ પટેલના ઘરે લગ્ન લેવાયા હતા. લગ્ન પારડીના રાધાકૃષ્ણ મંદિર પરિસરમાં લેવાયા હતા. પરિવાર મામેરાની વિધિમાં વ્યવસ્ત હતો, ત્યારે ચોરીની ઘટના બની હતી. પરિવાર મામેરાની વિધિ પતાવી રૂમમાં પરત ફર્યો ત્યારે આખી તિજોરી વિખેરાયેલી હતી. પરિવારના સદસ્યોએ તપાસ કરી તો તિજોરીમાંથી ૪૦ તોલા સોનુ ગાયબ હતું. તેમજ પાકીટમાં મૂકેલા ૧૫ હજાર રૂપિયા પણ ગાયબ હતા.

એક તરફ લગ્નને કારણે ઘરની બહાર માંડવો બંધાયો હતો, ત્યાં જ ચોરી થતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો. કોઈ અજાણ્યા શખ્સે બંગલામાં ઘૂસીને રૂમના કબાટને ડુપ્લીકેટ ચાવીથી ખોલ્યું હતું . પોલીસ તપાસ શરૂ છે.

















